Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 05

February, 2019



....હું મારા ફોટા અંગે કોઈને કંઈ નહિ કહું, એનું કારણ - હું કહું તો તે પૈસા લે પણ નહિ, ને મારા હાથે મારા ફોટા કઢાવડાવાનું ના કરું. ફોટાનો આધાર ભાવનાને ચેતનવંતી બનાવવાનો છે. તે ન થતું હોય તો ફોટા એ ખાલી મૂર્તિપૂજા છે, ને તેવું થવા દેવું ને તેમાં સંમતિ દેવી એ પણ મૂર્ખામી છે ને અજ્ઞાન છે.

- શ્રીમોટા

'શ્રી નંદુભાઈ ઉપરના તા. ૨૩-૦૩-૧૯૪૯ના પત્રમાંથી'



## આધ્યાત્મિકતાની પૂર્ણતા

જેના આધ્યાત્મિક પ્રભાવથી આસપાસનાં લોકો અંજાઈ જાય છે, એમની આધ્યાત્મિકતામાં એટલી ત્રૂટી સમજવી. જેની સંગતિમાં બધાંને હિંમત આવે છે, સહજભાવે સ્વતંત્રતા સાથે વર્તવાનું શક્ય બને છે, એમની આધ્યાત્મિકતા પૂર્ણતાને પહોંચી છે.

- શ્રી વિનોબાજી

*'સર્વોદય પ્રેસ સર્વિસ', પૃ.૭*
*તા. ૧-૭-૨૦૧૬,*

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વર્ષ : ૨૪ અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૯

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. દૈવી પ્રકૃતિમાં દ્વંદ્વ નથી ........................ શ્રીમોટા ૪
૨. શબ્દ અને પ્રકાશ .......... હજૂર સાવનસિંહજી મહારાજ ૫
૩. સુખદાતા શ્રીકેશવાનંદજી ........... સુશીલાબહેન અમીન ૭
૪. નંદુભાઈને પત્રો .............................. શ્રીમોટા ૯
૫. હિમાલયમાં દિવ્યાનંદ (૨) ................ શ્રીદાસાનુદાસ ૧૨
૬. ડિવાઈન મધર ........................ કાર્તિકેય અ. ભટ્ટ ૧૩
૭. મનુષ્ય પાષાણથી પણ નીચ ............. સ્વામી રામદાસ ૧૬
૮. મંત્ર-અલ્ટ્રાવાયોલેટ કિરણો ............. સ્વામી શિવાનંદ ૧૮
૯. હરિઃૐ આશ્રમ, સુરતને અપાયેલ દાન અંગે ... ટ્રસ્ટીમંડળ ૨૦
૧૦. મારી સાધના અંગે ................ શ્રીરામકૃષ્ણ પરમહંસ ૨૧
૧૧. શિષ્યને માર્ગદર્શન .......................... શ્રીઅરવિંદ ૨૩
૧૨. મહાસતી શ્રીગોદાવરી માતાજી : (૨) ................
............................ અનુ. જ્યોત્સ્નાબહેન વૈદ્ય ૨૫

### સ્મરણ

સ્મરણ ડંકા વગાડીને, અમે નોબત બજાવી છે,
થઈ શી સ્તબ્ધ ઈંદ્રિયો ! સ્મરણ પેઠું કરણમાં છે.
સ્મરણની છાલકેથી શું ! નર્યું ભીંજાયેલું જે તે,
અનુભવથી હૃદય ઊગ્યું, ‘અસર કેવી સ્મરણની તે !’

જીવન ઊલટપલટ કીધું, સ્મરણના હળ વડે શું તે !
ખૂંપેલાં ઝાંખરાં સઘળાં, જમીનમાંથી હઠાવ્યાં છે !
જીવનકેરી જમીનમાં શાં, સ્મરણથી બી વવાયાં છે !
સ્મરણના જળ વડે પાછાં જીવંત શાં થયેલાં છે !

‘જીવનઅનુભવ ગીત’, પ્ર.આ. પૃ. ૩૧, ૩૬ ❑

## (૧) દૈવી પ્રકૃતિમાં દ્વંદ્વ નથી

શ્રીમોટા

પ્રકૃતિ બે પ્રકારની છે, પરા અને અપરા. પરા પ્રકૃતિ દૈવી પ્રકૃતિ છે અને અપરા જીવદશાવાળી છે. **દૈવી પ્રકૃતિમાં દ્વંદ્વ નથી** જ્યારે અપરા પ્રકૃતિ દ્વંદ્વવાળી છે. આપણે શરીર છીએ, મન છીએ, પ્રાણ છીએ વગેરેમાં પરિમિત છીએ. એવી રાગદ્વેષવાળી અપરા પ્રકૃતિ છે તેમાં દ્વંદ્વને ઉત્પન્ન કરનારી દૃષ્ટિ અને વૃત્તિ હોય છે.

એક રીતે પરા અને અપરા એવા ભેદ મૂળમાં તો કશા જ નથી. આ તો વહેવારમાં સમજાવવાની દૃષ્ટિએ લખવાનું બનેલું છે. બાકી તો બધું જ એકાકાર છે. દૈવી પ્રકૃતિ દ્વંદ્વની પ્રેરણાથી કામ કરતી નથી. જ્યારે અપરા પ્રકૃતિ તો દ્વંદ્વની પ્રેરણાથી જ પ્રેરાતી હોય છે.

સંસારવહેવારમાં, વર્તનમાં, સંબંધમાં, કામ-કાજમાં, બોલવાચાલવામાં આપણું જીવપણું ન પ્રવર્તી જાય તેની પૂરેપૂરી કાળજી આપણે રાખવાની છે. એકબાજુથી જ્ઞાનભક્તિપૂર્વક ખાલી થવા કાજે જે તે બધું જીવપણું છોડવાનું છે, અને પોતે ગુરુ પ્રત્યક્ષ છે એવા અનુભવને હૃદયમાં હૃદયથી જાગ્રત કરીને કે કરાવીને એને આપ્યા કરવાનું છે.

સંસારવહેવારમાં જે તે બધાં સાથે દૈવી પ્રકૃતિથી વર્તવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો જીવતો જાગતો પ્રયત્ન કર્યા કરવાનો છે. આનું જ નામ સાચી સાધના છે. વૈદ્ય કે ડૉક્ટર પણ એમ જ કરે છે. એક બાજુથી ગૂમડાને મટાડવા એને બહાર કાઢે છે. એટલે કે નસ્તર મૂકી એમાંનો બગડો બધો દબાવી દબાવીને બહાર કાઢે છે, અને બીજી બાજુથી એ મટી જાય એવા ઉપચાર કરે છે. જોકે આ દાખલો બંધબેસતો નથી, પણ ઉપરની હકીકતનો કંઈક ખ્યાલ જાગે તેથી લખ્યું છે. આવી બેવડા પ્રકારની સાધના સાધકે કર્યા કરવાની છે.

જે જે પ્રમાણે આ જીવે શ્રીપ્રભુકૃપાથી અને ગુરુ મહારાજનાં કૃપાઆશીર્વાદથી કર્યું છે તે તને (પુષ્પાબહેન દલાલને-સં) લખી જણાવ્યું છે. આટલું સ્પષ્ટ રીતે કોઈને લખેલું નથી અને કહેલું પણ નથી. તો તે પ્રમાણે સમજણથી વર્તવાનું કર્યા કરે તો જ ઉત્તમ.

સંસારવહેવારમાં ભૂલેચૂકે પણ જીવસ્વભાવથી કંઈ કશી ગણતરી કરવાનું કે સમજવાનું કે મૂલ્યાંકન કરવાનું કે વર્તવાનું ન બને તેની તકેદારી રાખવાની છે. તેમાં તો દૈવી પ્રકૃતિ દ્વારા જ અને તે રીતે જ વર્તવાનું છે. દૈવી પ્રકૃતિમાં દ્વંદ્વની દુનિયા નથી. એટલે આપણે સંસારવહેવારમાં જાણે આપણામાં દ્વંદ્વ જ નથી એમ વર્તવાનું છે, પણ જીવદશાવાળા હોવાથી દ્વંદ્વની વૃત્તિ તો ઊભી થવાની જ, પરંતુ તે તે વેળા જાગતા બની જઈ તે પ્રમાણે ન વર્તતાં દૈવી પ્રકૃતિનો આશરો લેવાનું રહે છે.

અપરા પ્રકૃતિથી દોરવાઈ જવાનું થતાં પ્રભુની કૃપા મદદ વડે હૃદયમાં હૃદયથી પ્રાર્થના આર્ત અને આર્દ્રભાવે કર્યા કરવાની છે. એવી જે પ્રાર્થના કરે છે તેવો જીવ ઊભો રહી શકે છે. આમ, આપણે અપરા પ્રકૃતિમાંથી પરા પ્રકૃતિમાં જવાનું છે.

આમાં આપણને શ્રીપ્રભુની ભાવનાનું સ્મરણ કરાવનાર અને એને અખંડ રખાવી શકે એવું એક સરળ અને સહજ સાધન જે છે તે નામસ્મરણ છે માટે, તેને પળેપળ લીધા જ કરવું. **મોટેથી એટલું બોલવું કે આપણા કાન તે સાંભળી શકે.**

'જીવન સોપાન', બી. આ. પૃ. ૧૫૫ ❑

સંસારમાં બે વસ્તુઓ માર્ગદર્શનનું કામ કરે છે, એક શબ્દ અને બીજો પ્રકાશ. આ બન્ને માર્ગ ઉપર ચાલવાથી પરમાર્થની પ્રાપ્તિમાં પ્રગતિ થાય છે.

શબ્દ સાંભળવો અને પ્રકાશ જોવો એ બન્નેને સાધના સાથે સીધો સંબંધ છે. સાધનામાં આ બન્નેનું જુદું જુદું કાર્ય છે.

આપણી અંદર જ્યોતિ અથવા પ્રકાશ છે અને એ જ્યોતિની અંદર વાણી અથવા શબ્દ છે. પ્રકાશરૂપી જ્યોતિ અને તેમાંથી ગુંજારવ કરી રહેલ શબ્દ નાદનો અનુભવ સદ્ગુરુની કૃપાથી થાય છે.

શબ્દ અને જ્યોતિ વાસ્તવમાં એક છે. ધ્વનિ કે ધૂનના તરંગો અમુક હદ સુધી ધ્વનિ ઉત્પન્ન કરે છે, પણ જો તેની ગતિ અનેકગણી વધી જાય તો તે પ્રકાશમાં બદલાઈ જાય છે. આ શબ્દ જ વાસ્તવિક જીવનધારા છે, જે સમગ્ર સંસારની રચનાને જીવન પ્રદાન કરે છે. આપણા અંધકારમય એવા શરીરરૂપી ઘરને એ જ જ્યોતિ પ્રકાશમય બનાવે છે.

શબ્દ વિના અંદર અંધારું છે. તે મૂળ તત્ત્વ વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી, કે જન્મમરણના ફેરા મટતા નથી. એ પ્રકાશ દરેકની અંદર છે, ઈસુ ખ્રિસ્ત પણ આ પ્રકાશનો ઉલ્લેખ કરે છે. સંત ઑગસ્ટીને આ પ્રકાશનું વર્ણન કરેલું છે, કબીર સાહેબ કહે છે કે શબ્દ વિના સુરત આંધળી છે. તેને કોઈ માર્ગ દેખાતો નથી. શબ્દ વગર તેને દ્વાર મળતું નથી. મહાત્મા જરથોસ્ત પણ આ પ્રકાશનો ઉલ્લેખ કરે છે. તેથી જ પારસીઓમાં પ્રકાશના પ્રતીક સ્વરૂપે અગ્નિની પૂજા પ્રચલિત છે. પૂર્વ અથવા પશ્ચિમના જે જે મહાત્માઓએ પોતાની અંદર પ્રવેશ કર્યો તે સૌએ આ પ્રકાશનો ઉલ્લેખ કર્યો છે.

આત્મા આ તન મનના પાંજરામાં કેદી છે એની અંદર જ શબ્દ અને પ્રકાશ બન્ને છે. શબ્દનો સંબંધ સુરત સાથે છે જે સાંભળે છે, જ્યારે પ્રકાશનો સંબંધ નિરત સાથે છે જે જુએ છે. આત્મિક મંડળોમાં ઉપર જવામાં નિરત આગળ રહે છે. સુરત અને નિરત પરિપક્વ થાય છે ત્યારે આત્મા તન અને મનના પાંજરામાંથી મુક્ત થાય છે ત્યારે જન્મમરણના ચક્કરમાંથી છુટકારો મેળવે છે.

શરૂઆતમાં શબ્દ જ પ્રગટ થાય છે. ત્યાર પછી નૂર અથવા પ્રકાશ દેખાય છે. અભ્યાસમાં પણ પહેલું કામ આપણે શબ્દથી લઈએ છીએ, સ્મરણ અને ધ્યાનનું કાર્ય શબ્દ સંભળાય અને પ્રકાશ દેખાય તે માટેની ભૂમિકા તૈયાર કરવાનું છે. સ્મરણ અને ધ્યાનનું પોતપોતાનું કાર્ય હોય છે. તેથી એ બન્નેની સાધના શબ્દ પ્રગટ કરવા માટે પ્રથમ કરવી આવશ્યક છે. સીધો જ શબ્દ સંભળાય કે પ્રકાશ દેખાય તેમ બનતું નથી. સાધનાનું મૂળ ધ્યેય તો શબ્દની પ્રાપ્તિ કરવાનું છે.

અંતરમાંના અનહદ નાદનો ધ્વનિ એ રાગ-રાગિણીઓ કાલ્પનિક નથી. જેણે જેણે સુરત શબ્દનો યોગનો અભ્યાસ કર્યો છે, તે સૌએ આ નાદનું વર્ણન કર્યું છે. સંતોનો સમાગમ કરનાર જિજ્ઞાસુ લોકો પણ આ નાદ સાંભળે છે.

ઉપનિષદોમાં આ શબ્દના ધ્વનિ વિશે વર્ણન આવે છે કે અભ્યાસની શરૂઆતમાં ઘણા જોરથી

અવાજ આવે છે, એ વધતો જાય છે અને અતિ સૂક્ષ્મ રીતે સંભળાય છે. આ અવાજ પહેલાં તો સમુદ્ર, વાદળ, ઢોલ, પાણીનાં ઝરણાંના વહેવાનો, મૃદંગ અને ઘંટનો નાદ એવા વિવિધ અવાજવાળો હોય છે. ઋગ્વેદના નાદબિંદુ ઉપનિષદમાં આનો ઉલ્લેખ આવે છે.

અસલ શબ્દ તો ઘંટ અને શંખનો અવાજ છે. જેને ઉપરનાં મંડળો સાથે સંબંધ છે. હિંદુઓનાં મંદિરોમાં, ખ્રિસ્તીઓનાં દેવળોમાં પણ ઘંટ વાગે છે. શીખોનાં ગુરુદ્વારોમાં પણ ઘંટ અને શંખ વગાડવામાં આવે છે. હજી પણ નગારાં વગાડવાનો રિવાજ છે. હિંદુઓનાં મંદિરનો ઉપરનો ભાગ ગોળગુંબજ જેવો હોય છે. મનુષ્યનું માથું જે અંદરથી ગુંબજના જેવું છે તેની અંદર અભ્યાસીને આત્માના સ્થાને શબ્દ સંભળાય છે. તે જ પ્રમાણે ખ્રિસ્તીઓનાં દેવળોની આકૃતિ લંબાકાર હોય છે. આ રચના પણ મનુષ્યના નાકની રચના જેવી છે. નાકની ઉપરનો ભાગ કે જ્યાં બે ભવાંની વચ્ચે ચેતના સમેટાઈને આવે છે ત્યાં ઘંટનો અવાજ સંભળાય છે.

બૌદ્ધ મંદિરોમાં પણ ઘંટ હોય છે. ઘંટ વગાડવાનું વર્ણન લગભગ દરેક ધર્મગ્રંથમાં આવે છે. તાત્પર્ય એ છે કે જ્યારે અભ્યાસી શરીરરૂપી મંદિરમાં પ્રવેશ કરે છે ત્યારે તેને જે શબ્દનો અવાજ સંભળાય છે તે ઘંટના જેવો હોય છે. તે જ પ્રમાણે આંતરિક મંડળોમાં અનેક શબ્દો સંભળાય છે. જેમાં પાંચ શબ્દ મુખ્ય છે. આ આંતરિક વાજિંત્રોની ધૂનોનો એકબીજા સાથે સંબંધ છે. કોઈ શબ્દમાર્ગી ગુરુ પાસેથી એનો વિધિસર ઉપદેશ લઈ સાધના કરે તો આત્મા તે મુકામ સુધી પહોંચી જઈ શકે છે.

બહારનાં વાજિંત્રોનો પારમાર્થિક બાબતોમાં ઉપયોગમાં લેવાનો સામાન્ય રિવાજ છે. દરેક સંપ્રદાયમાં તેને ખાસ મહત્ત્વ અપાય છે. તેનાથી એક પ્રકારની મસ્તી આવે છે, પરંતુ તેનાથી વાસ્તવિકમાં આંતરિક ચેતના જાગૃત થતી નથી. શબ્દમાર્ગી સંતો સાધનામાં આ પ્રકારે બાહ્ય રીતે વાજિંત્રોને વગાડવાની ક્રિયાને અનુમોદન આપતા નથી. તેઓ બતાવે છે કે બહારના સંગીતથી ધ્યાન થતું નથી, અહંકાર જરા પણ ઓછો થતો નથી કે શાશ્વત શાંતિ પ્રાપ્ત થતી નથી. સદ્‌ગુરુએ આપેલાં નામની સાધનામાં તેટલો વખત તે વિતાવે તો તે ઘણું ઉત્તમ છે.

સાચું કે દિવ્ય સંગીત આપણી કાયાની અંદર ગુંજે છે. જે સાંભળવાથી સંસારનાં બંધનો તૂટી જાય છે. આપણે સાચા અર્થમાં નિર્મળ બનીએ છીએ અને તેથી આપણે માયાના તરંગો ઉપર કમળની જેમ તરીએ છીએ.

આ મનુષ્યદેહ હરિનું મંદિર છે. તેની અંદર સતત શબ્દ ગુંજે છે, જેના અભ્યાસની રીતો સંતો બતાવે છે. બધા જીવોને આ પ્રાપ્ત કરવાનો જન્મસિદ્ધ હક્ક છે.

કબીર સાહેબ કહે છે :

**શબ્દ બિના સુરત આંધરી કહો કહાં કો જાઈ ।**
**દુઆર ન પાએ શબ્દ કા ફિર ફિર ભટકા ખાઈ ॥**

શબ્દ વિના સુરત આંધળી છે. તેને અંદરનાં મંડળોમાં જવાનો કોઈ રસ્તો મળતો નથી. તેથી, જ્યાં સુધી તેને શબ્દનું જ્ઞાન કે સહારો અને યોગ્ય ગુરુ મળતા નથી ત્યાં સુધી તે વારંવાર જન્મમરણના ચક્રમાં ભટક્યા કરે છે.

'સંતમત સિદ્ધાંત', બી. આ., પૃ. ૨૨૪ ❑

## (૩) સુખદાતા શ્રીકેશવાનંદજી

**સુશીલાબહેન અમીન**

પૂજ્ય શ્રીમોટાના ગુરુ શ્રીકેશવાનંદજી-ધૂણીવાળા દાદાજી પાસે જે દુઃખી ભક્તો આવતા, તેમની વાત પોતે અંતર્યામી હોવાથી જાણી લેતા. તેમનાં દુઃખો દૂર કરવામાં જ તેમને આનંદ આવતો. પછી તે દુઃખ આર્થિક, સામાજિક કે અસહ્ય રોગનું હોય.

ગુલરિયા નામના એક વેપારી હતા. તે શ્રીદાદાજી પાસે સાંઈખેડા આવ્યા. તે ઘણા દિવસ ત્યાં રહ્યા. તેમણે શ્રીદાદાજીને પૂછ્યું, 'હું એવો તો કયો ધંધો કરું કે જેથી મારું દળદર ફીટે ?' શ્રીદાદાજીએ તરત જ કહ્યું, 'તું ગુલાબ લાવી, તેને વેચવાનો ધંધો કર.' તે જબલપુર જઈ ગુલાબ વેચવાનો ધંધો કરવા લાગ્યા. થોડાક સમયમાં જ ગુલાબની કિંમત ખૂબ વધી જવાથી તેને ચાર લાખ રૂપિયાનો નફો થયો. આ ચાર લાખ રૂપિયા લઈ ગુલરિયા શેઠ સાંઈખેડા શ્રીદાદાજી પાસે આવ્યા. અને પોતાની હકીકત જણાવી તેમને પૂછ્યુ, 'હું તમારી કઈ રીતે સેવા કરું ?' ત્યારે શ્રીદાદાજીએ તેને આદેશ આપ્યો, 'એક લાખ રૂપિયાની ધર્મશાળા બનાવ.' ગુલરિયા શેઠે શ્રીદાદાજીના આદેશને માન્ય રાખી, સાંઈખેડામાં ધર્મશાળા બંધાવી, જે આજે પણ ગુલરિયા શેઠની ધર્મશાળાના નામે ઓળખાય છે. આ રીતે શ્રીદાદાજી સારાં કાર્યો ભક્તો પાસે કરાવતા.

ગોપીકિશન નત્થાની રાયપુરમાં ચોખાનો વેપાર કરનાર એક મોટા વેપારી હતા. તેમણે ચાળીસ હજારની ચોખાની ગૂણો જહાજ દ્વારા પરદેશમાં મોકલી હતી, પરંતુ જહાજ દરિયાના પાણીમાં ડૂબી ગયું. તેથી પોતાને મોટું નુકસાન થવાથી, તે દુઃખ દૂર કરવા માટે તે શ્રીદાદાજી પાસે સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીને પગે લાગી વિનંતી કરતાં દુઃખી અવાજે તેમણે કહ્યું, 'ચાળીસ હજાર રૂપિયાની ચોખા ભરેલી ગૂણોવાળું જહાજ દરિયામાં ડૂબી ગયું છે. આજની સરકારે નુકસાની પેટે મને કંઈ જ આપ્યું નથી. તેથી, હું પોતે દેવાદાર થઈ ગયો છું. મારું આટલું દુઃખ આપ દૂર કરો.' તેની વિનંતી સાંભળી શ્રીકેશવાનંદ દાદાજી બોલ્યા, 'મને અત્યંત અનીતિ પસંદ નથી. તને તારી નુકસાની મળી જશે.' અને અવળવાણીમાં બોલ્યા, 'તારી જેવી ભાવના હશે, તેવું થશે.' તે ગોપીકિશન ઘરે પહોંચ્યા ત્યારે તેમની નુકસાનીની રકમ તેમને મળી ગઈ હતી. આ શ્રીદાદાજીની કૃપા છે એમ સમજી શ્રીદાદાજીના સ્થાનક પાસે એક ધર્મશાળા બંધાવી.

એક વખત મોહનદાસ કરમચંદ ગાંધી (ગાંધીજી), મોતીલાલ નહેરુ, મદનમોહન માલવિયાજી, મોહમ્મદ અલી, શૌકત અલી, જવાહરલાલ નહેરુ જેવા ધુરંધરો ભારત દેશના સ્વરાજ માટેની પૂછપરછ કરવા માટે સાંઈખેડા આવ્યા. સિદ્ધ મહાન અવતારી પુરુષ શ્રીદાદાજીને પ્રણામ કર્યા. અને ભારતમાતાની સ્વતંત્રતા માટે શ્રીદાદાજીના આશીર્વાદ માગતા કહ્યું, 'દાદાજી, અમોને સ્વરાજ અપાવો.' આ સાંભળી શ્રીદાદાજીએ કહ્યું, 'તમો નાલાયક છો.' કોઈ કાંઈ બોલ્યું નહિ. થોડાક સમય પછી મોતીલાલ નહેરુ બોલ્યા, 'અમને તમારી વાણી પ્રિય છે.' એટલે જવાહરલાલ નહેરુ સામે અંગુલીનિર્દેશ કરી કહ્યું, 'આ લાયક પુત્ર છે.' આ પછી તે બધા દેશનેતાઓ ત્યાંથી પાછા ફર્યા, પણ

હોશંગાબાદમાં જ્યારે 'ધૂણીવાળા રાયટ કેસ' ચાલતો હતો, અને શ્રીહરિહરાનંદ દાદાજી ત્યાં હતા ત્યારે પંડિત જવાહરલાલ નહેરુ તેમની પાસે આવ્યા હતા. તે સમયે શ્રીહરિહરાનંદજીએ પંડિતજીને કહ્યું, 'તમો બધા ભેગા થઈને મથો. હું જાણું છું કે તમને બધાને સ્વરાજ મેળવવામાં સફળતા મળશે. જ્યારે સ્વરાજનું અમૃત પ્રાપ્ત થશે ત્યારે તેની પહેલાં શંકરને વિષપાન કરવું પડશે.' તેમની નિર્મળ વાણી સાંભળી પંડિત જવાહરલાલ નહેરુનો ઉત્સાહ ખૂબ વધ્યો. આમ, જવાહરલાલ નહેરુને બન્ને દાદાજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. માતૃભૂમિ ભારતમાતાને આઝાદ કરવાની કીર્તિ મળી, તેમ જ લાખો લોકોના લાડીલા બન્યા.

શ્રીકેશવાનંદ દાદાજીની પ્રસિદ્ધિ સાંભળી તેમનાં દર્શન કરવા માટે એક અંગ્રેજ ગવર્નર સાંઈખેડા આવ્યા. સરકારી પોલીસની મદદથી ત્યાં ભીડ હતી, તે દૂર કરવામાં આવી. તે મોટા રસાલા સાથે આવ્યા હતા. શ્રીદાદાજી ઓરડીમાં બેઠા હતા. તેમણે તેના હાથમાંથી લાકડી માગી લીધી. પછી હૅટ માગી. અને પોતે માથે પહેરી. અંગ્રેજ ગવર્નરને હાથે તેનો કોટ ઊતરાવી પોતે પહેર્યો. શ્રીદાદાજીનો કોટ અને હૅટ પહેરેલો ફોટો ખંડવામાં આજે પણ જોવા મળે છે. તે પછી અંગ્રેજ ગવર્નરને એક ઘડો પાણી કૂવામાંથી લાવવા માટે કહ્યું. અંગ્રેજ ગવર્નરે શ્રીદાદાજીના કહ્યા પ્રમાણે કર્યું. તેમનો નોકર અંગ્રેજ ગવર્નર સાથે ઘડો ઊંચકવા ગયો અને પાણી લાવવા માટે કહ્યું, ત્યારે અંગ્રેજ ગવર્નરે તેને જવાબ આપ્યો. 'આ તો અમારા ઈશ્વર છે. હું ઘડો જાતે ભરીને લાવીશ. આ સંત અમારા સાહેબ છે.' જ્યારે અંગ્રેજ ગવર્નર પાણી ભરી ઘડો લઈ આવ્યા અને શ્રીદાદાજીનાં ચરણમાં રાખ્યો ત્યારે શ્રીદાદાજીએ તે ઘડામાં ચીપિયા વડે કાણું પાડ્યું, તેમાંથી નીકળતું પાણી તે પીવા લાગ્યા. પછી અંગ્રેજ ગવર્નરને તેમણે કહ્યું, 'તમે તો મોટા સાહેબ છો, વિલાયત ચાલ્યા જાવ.' ખરેખર તે પછી તે અંગ્રેજ ગવર્નરને પ્રમોશન મળ્યું અને કાયમ માટે વિલાયતમાં રહ્યા, પરંતુ શ્રીદાદાજીને ભૂલ્યા નહિ.

ચૌધરી વિશ્વનાથસિંહજી અલ્હાબાદમાં રહેતા હતા. તેઓ મોટા જમીનદાર હતા. તેમની પાસે ચારસોથી પાંચસો ગામો જમીનદારીમાં હતાં. તેથી પૈસાપાત્ર હતા. અલ્હાબાદના મોટા ખાનદાન ગૃહસ્થ ગણાતા હતા, પરંતુ નનિહાલનાં ૩૦૦ ગામોમાં ઝઘડો ઊભો થતાં તેનો કેસ અલ્હાબાદની કોર્ટમાં ચાલતો હતો. હાઈકોર્ટમાં તેઓ કેસ હારી ગયા એટલે તેમણે વિલાયતમાં અપીલ કરી. તે પછી તેઓ સાધુસંતોના આશીર્વાદ લેવા માટે જુદાં જુદાં સ્થળે જતાં. અલ્હાબાદ પાસે જૂસી ગામમાં કાલીકમલીવાળા બાબા રહેતા હતા. તેમની પાસે તેઓ ગયા. તેમણે ત્યાં હોમહવન કરાવ્યા. તે જમીદારના માથામાં કાલીકમલીવાળા બાબાએ ચીપિયો મારી, તેમના માથામાંથી લોહી કાઢી હવનમાં તે હોમ્યું. તોપણ જમીનદારની ઈચ્છા પૂર્ણ થઈ નહિ. એટલે કાલીકમલીવાળા બાબાએ જમીનદારને સાંઈખેડા-શ્રીધૂણીવાળા દાદાજી પાસે જવાની સલાહ આપી કહ્યું, તમારો કેસ શ્રીદાદાજી જિતાડી આપશે, માટે તેમની પાસે જાવ. તેમની સલાહથી જમીનદાર અને કાલીકમલીવાળા બાબા બન્ને શ્રીદાદાજી પાસે સાંઈખેડા આવ્યા. શ્રીદાદાજીને તેમને બનેલી હકીકત કહી, ખૂબ વિનંતી કરી, પ્રાર્થના કરી.

**(અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)**

# (૪) નંદુભાઈને પત્રો

(૧)

તા. ૧૦-૩-૧૯૪૯
કુંભકોણમ્

**પ્રિય ભાઈ,**

..........મારે અંગે નંદુ ! તને શું લખું ? તારો જીવતો આધાર મળ્યા વિના મારું જીવનનું કાર્ય લૂલું લૂલું લાગે છે, ને તે કાર્ય કંઈ અંગત કે સ્વાર્થનું નથી, તે પણ ભગવાનનું છે. તેથી અધીરાઈ ખૂબ રહેતી હોવા છતાં ને સાલતી હોવાં છતાં પાછી અધીરાઈ પણ રહેતી નથી એવું વર્તન અમારું રહ્યા કરે છે, પણ આ હકીકત કેવળ બુદ્ધિથી સમજાઈ જવી અતિ મુશ્કેલ છે. તું મારા દોષ જુએ તેમાં તારો દોષ પણ કાઢતો નથી, ને તેં દોષ કાઢ્યો છે એવું મારું માનવું પણ નથી થતું, પણ તને જે જે જેવું જેવું લાગ્યું હકીકતે તેવું તેં જણાવ્યું ને તે પણ સમજવાને કારણે તેની કદર પણ કરું છું, પણ તે બધું જીવનવિકાસને કાજે યોગ્યપણાનું નથી. **સાધકનું દૃષ્ટિબિંદુ ભક્તનું હોવું જોઈશે.** જેનામાં આપણી ગુરુભાવના દૃઢાવવી છે તેનામાં ભક્તિનું જીવતું સમર્પણ થયા વિના કશું કંઈ પણ પ્રકટી શકવાનું નથી. તેથી, મને જીવનના ધ્યેય ને તેના પ્રત્યેક વિકાસના એક પછી એક શિખરોમાંથી પસાર થતા આત્મજીવનની હકીકતની દૃષ્ટિબિંદુથી પ્રેમભક્તિજ્ઞાનભાવે જોવાનું અવલોકવાનું રાખે તો જ મને ને તને પાલવે. તારા નક્કર આધારથી કેટકેટલા જીવને મઠારવાને મને બળ મળશે તેનો વિચાર કરવાને તને નિમંત્રું છું. હજી તારા આવા જેવા તેવા આધારથી પણ મને કેવું બળ મળે છે, તે તું પ્રત્યક્ષ જોઈ રહેલ છે.

સાપ ઝેરી છે ને અડકવા જતાં મૃત્યુ છે એવી ભયની લાગણીથી એને જોતાં પણ ઘણાંને ભય થાય છે. સાપને ન અડકવાનું જે થાય છે તેવી રીતે opposite sex ને અડવાનું બને તેવા અસ્પર્શની મર્યાદાથી જીવનું જીવપણું તો કાયમ જ રહે છે. સમાજનાં નીતિનાં ધોરણો જીવતાં રહે, સમાજની પ્રત્યેક વ્યક્તિનું જીવન યથાયોગ્ય ચાલે તેથી તેવા નિયમોનું પાલન પ્રત્યેક જીવને કાજે તદ્દન યોગ્યતાવાળું ને જરૂરનું પણ છે, પણ સાધકને ઉપલો ભ્રમ કે મડાગાંઠ પણ તૂટવાની જરૂર રહેતી જ હોય છે. સાધક જીવને સાધનામાં headlong પડવાનું હોય છે, તેથી તેને pitfalls પતનના ધક્કા નહિ લાગે એવું નથી, પણ જો જીવને સાધનાની લગની લાગી ગયેલી હશે તો તેવા પતનમાંથી તેવો જીવ સફાળો જાગી જઈને તેમાંથી તેને હાર પામવાપણું નથી, પણ તેવી હાર તેને અદમ્ય ઉત્સાહ ને અપાર પ્રેરણા આગળ વધારી તેનામાં તેવી હાર કે ભૂલ તેને પ્રેરતી રહે છે. સાધક જીવને માત્ર ચઢ્યા જ કરવાનું રહે છે તેવું હકીકતે નથી. તેને પડવાપણું પણ બને છે, કારણ કે તે હજી જીવકક્ષામાં જ રહ્યા કરેલો હોય છે, પણ તેમાંથી તેના હૃદયમાં લાગેલી ધ્યેયની લગની તેને તેમાંથી સવેળા તુરત જગાડીને તેને એવો ધક્કો મારે છે કે તે ઊછળીને સીધા માર્ગ પર દોડવા માંડે છે એવી તે હારનું શાસ્ત્ર કે વિજ્ઞાન છે, તે જાણશોજી.

મોટા મોટા વિજ્ઞાનની શોધ કરવાવાળા જીવો, મોટા મોટા સાક્ષરો, મોટાં મોટાં સાહસો કરનારા કે મોટા મોટા યુદ્ધ જીતનારા કે હારનારા ભગીરથ ને પરાક્રમી યોદ્ધાઓ, મહાન પુરુષાર્થી જીવો, આદિ જીવો જીવક્ષેત્રના હોવા છતાં તેમનામાં જીવનનું તત્ત્વ સચેતનપણે કામ કરી રહેલું હોય છે ને તેમનું તેમને ભાન હોતું નથી. તેઓ બધા એક પ્રકારની જીવતી અસ્મિતાના પ્રતીક સમા હોય છે. મહાન કવિ જે તે વેળા તેઓ તેવું નિમાર્ણ-સર્જન કરવાની પળમાં હોય છે તે વેળા તેમની ચેતનાસ્મૃતિ કોઈ મહાન શક્તિને સ્પર્શતી હોય છે ને તે સ્પર્શના પ્રાણ ભાવના કે ચેતનાને તેઓ નીચે લાવી શકતા હોય છે, તે વેળા તેઓ તે કોઈ ઉચ્ચતર ક્ષેત્રની મહાન ચેતના ભાવશક્તિને સ્પર્શતા હોય તેવું જ્ઞાનભાન ભલે તેઓને પ્રત્યક્ષપણે ના થતું હોય, પણ હકીકતમાં તો તેવું તેમનું થતું હોય છે ને સમાજના પ્રત્યેક ક્ષેત્ર કે વિષયના મહાન જીવો વિશ્વની ઘડતરની યોજના હેતુને ફળાવવાના એકમાત્ર કાર્યમાં યોજાયેલા રહેલા હોય છે. તે ભાગવતી ચેતનાશક્તિની વ્યૂહરચનામાં તેઓ અજાણપણે ભાગ લઈ રહેલા હોય છે, તે જાણશોજી. ને આપણે તો તે તે રીતે તેમના જીવનને મૂલ્યાંકન કરવાનું જો હોય તો કરવું ઘટે ને તે જ આપણને શોભે.

સાધનામાં ગળી જવાને સ્થાન નથી. ગળી જવાનું થાય તે તો ફરી પાછું ઊગે જ. તેથી **સાધનામાં સમજણને સ્થાન છે.** મારું કશું સમજ્યા વિના તમે ગળી જાઓ એવું હું કહું તો તે મારું અજ્ઞાન ને મૂર્ખતા જ ગણાય, પણ જે જે કક્ષામાં આ જીવ પ્રભુકૃપાથી હોય તેની સમજણ આપવાનું કરું તોય તે હાલની બુદ્ધિથી સ્વીકારાય કે કેમ તે પણ એક વિવાદસ્પર્શ પ્રશ્ન છે. આધ્યાત્મિક જીવનના પ્રત્યક્ષ પાસાની હકીકત માત્ર બુદ્ધિથી સમજાઈ જતી હોય છે કે સ્વીકારાઈ જતી હોય છે તેવું કદી નથી બનતું. તે કાજે બુદ્ધિની તેવી જાતની કેળવણીની જરૂર રહે છે. જ્યાં સુધી બુદ્ધિ ભક્તિના રંગથી ઓતપ્રોત બની ગયેલી નથી હોતી ત્યાં સુધી બુદ્ધિ પ્રેમભાવયુક્ત બની શકતી પણ નથી. બુદ્ધિની જરૂર આ માર્ગમાં વિષેશમાં વિષેશ છે, પણ તે સાત્ત્વિક સૂક્ષ્મમાં સૂક્ષ્મ થયેલી હોય એવી બુદ્ધિની મદદ મળતાં જે તે બધું યોગ્યપણે સમજાયા જતું હોય છે. મને તમારાંમાં જીવતો વિશ્વાસ છે. આજ કે કાલનો હાલમાં તો પ્રશ્ન રહે છે, પણ મને તારા જીવતા સાથની જરૂર છે, તે વિના આટઆટલા તે પ્રકારના કાગળ ના લખું. તારા પોતાના પર મારા જીવનના કાર્યના સજીવથવાપણાનો આધાર રહેલો છે, જોકે અંતે તો પ્રભુના પર જ રહેલો છે, પણ તે પ્રભુ તારા હૃદયમાં પણ વસેલો છે, તે પ્રભુને જગાડવા, ચેતાવવા ને પ્રેરાવવાના આ જીવમાં રહેલા પ્રેમભાવના તે બધા જેવા તેવા પ્રયત્ન છે.

દરેકનો યોગ્ય ઉપયોગ કરવાનું જે પોતે જાણે છે ને તેમ કરે છે, તેને સમયોચિત તેવું તેવું મળ્યા જ કરે છે. તમારામાં તેવી કળા છે. દા.ત., બાળકો ત્યાં આવ્યાં તો તેને યોગ્ય રીતે કામે લગાડવાં, એવી સ્થૂળ કળા જે છે, તેમાં માત્ર જ્ઞાનભાવ જીવતા થાય તો બસ મારું કામ પાક્યું, તારામાં નક્કરતા છે, કુશળતા છે, વિવેકશક્તિની યોગ્ય સમજણ છે, તે તે બધું આધ્યાત્મિક માર્ગમાં પારાવાર જરૂરનું છે. સાધકનું જીવન એટલે જીવનની સર્વપ્રકારની

યોગ્યતા ને સર્વપ્રકારની ઉત્તમતાની ટોચે પહોંચવાને મથતું ઉત્સાહવાળું જીવન. જે કોઈ સાધક પોતાના જીવના વલણ તેવા તેવા કોઈ પાસાના અયોગ્યપણામાં દુર્લક્ષ રાખે ને તેવા તેવા જીવપણાને ટાળવાને પ્રભુભક્તિભાવે યથાર્થ થવાવા કાજે તે જીવતોજાગતો નહિ રહે, તો તે સાધકજીવન તેના સાધકજીવનની સર્વાંગ સુંદરતામાં ડાઘા સમાન રહેવાનું છે, તે પણ નક્કી વાત છે.

**-મોટા**

(૨)

**તા. ૨૩-૩-૧૯૪૯**
**કુંભકોણમ્**

**પ્રિય ભાઈ,**

હમણાં મારું રહેવાવા અંગે કશી અટકળો ના કરવા વિનંતી છે, મારું કશું ચોક્કસ આમ જ થશે તેમ કૃપા કરી ના ગણવું. મારે આશ્રમમાં. આઠ નવ પુસ્તકો છપાવવા કાજેનું લખાણ પૂરું કરી દેવા ત્યાં રહેવાને લખ્યું છે તે કાયમ છે. વચ્ચે નડિયાદ ઊતરવાનો તે વાત ખરી, ને તે જગાની તપાસ પણ કરવાનો.

આશ્રમમાં કાયમી વસવાટનો મારો ખ્યાલ હતો પણ નહિ, કારણ કે તેમ થાય તેમાં તમારાં બધાંની ગરજ વધવાની નથી, બલકે ઘટવા પૂરતો સંભવ. કશું કંઈ પરત્વે અમુક ચોક્કસ ધોરણ રાખી શકાય તેમ નથી. જેમ જેમ થતું જશે તેમ તેમ થયા જવાનું છે, ને સ્થાયી થવાપણામાં જો તમે મારા બધા કાગળો વાંચ્યા હોય તો તેમાં એક શરત સતત આવ્યા કરેલી છે, જે તમારી નક્કર ભૂમિકાનો આધાર મળે તો જ તેમ કરવાનું છે, નહિતર રખડતા રામ તો છીએ જ. ને તે મળશે એ આધારે હાલમાં જે થાય છે તે થવા દઉં છું, તે જાણશોજી. મારા હમણાંના બધા જ કાગળોમાંનું તે મુખ્ય લક્ષણ છે ને તમારા ખ્યાલમાં પૂરું ઊંડું ઊતર્યું લાગ્યું નથી, તો કૃપા કરીને ત્યાં જે કાર્બન નકલો હોય તે બધી ફરીથી વાંચી જવાને વિનંતી છે ને હું ખોટો હોઉં ઉપરની impressionમાં તો મને સુધારવા વિનંતી છે.

'પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ અંગે થનાર પ્રકાશનમાંથી સાભાર' ❑

## સુરતનાં સ્વજનોનો જપયજ્ઞ

**પૂજ્ય શ્રીમોટાએ અમદાવાદ સ્થિત સ્વજન શ્રી જયંતીભાઈ જાનીને સૂચવેલું કે, 'તને શરમ ન આવતી હોય તો નામસ્મરણનો જેટલો ચેપ લગાડાય તેટલો લગાડજે'. આ શબ્દની શક્તિ અને સાથોસાથ શ્રીહરિની સહાયથી અનેક સ્વજનોના નિવાસે નામસ્મરણનો કાર્યક્રમ શરૂમાં ત્રણેક દાયકા જેવા સમય માટે અમદાવાદ ખાતે અને તે બાદ સુરતમાં શ્રી જયંતીભાઈ દ્વારા યોજાતો રહ્યો છે. ભાવભૂમિ એવા સુરત ખાતેના આવા જપયજ્ઞને આગામી વસંત પંચમી તા. ૧૦-૨-૨૦૧૯ના રોજ સત્તર વર્ષનો કાર્યકાળ થઈ રહ્યો છે. આ અંગે તેમાં પણ જે તે સ્વજનના ગૃહે જે જપયજ્ઞ થતો હતો તેમાં સંખ્યાના કારણે તેમ જ એક જ સુલભ સ્થળ એવા સુરતના કલ્પનાહૉલ ખાતે છેલ્લાં ચારેક વર્ષથી આવો જપયજ્ઞ ચાલી રહ્યો છે, તે ઉલ્લેખનીય છે. સર્વે સ્વજનોને અને શ્રી જયંતીભાઈ જાનીને વ્યક્ત રીતે અભિનંદન પાઠવીએ છીએ.**

**- સંપાદક**

# (૫) હિમાલયમાં દિવ્યાનંદ (૨)

શ્રીદાસાનુદાસ

(૧)

તા.૧૯-૧૧-૧૯૬૭

શ્રીનારાયણનગર (હિમાલય)

સાડા ત્રણ વાગ્યે ધ્યાનમાં બેઠો. કેટલાય ટાઇમ બાદ દૂર દૂર કોઈ ઝીણી ઘંટડીથી આરતી ઉતારતું હોય એવો અવાજ આવ્યો. અવાજ બંધ થયા પછી જોયું તો પાંચ ને દસ મિનિટનો સમય થયેલો. શ્રી પંડિતજીને મેં પૂછ્યું, 'આટલામાં કોઈ વહેલા ઊઠીને સેવા, પૂજા, આરતી કરે છે ? તેમણે ના કહી એટલે મને થયું કે મારી અંદરનો ધ્વનિ હશે.'

તા.૨૦મી અને તા.૨૧મીએ પણ એ જ પ્રમાણે થયું. તા.૨૨મીએ મેં નક્કી કર્યું કે એ વખતે પંડિતજીને જગાડવા જોઈએ. તો ત્યારથી એ ધ્વનિ બંધ થયો. મને કારણ શોધવાની ટેવ નથી, પણ સહેજે સહેજે પાછળથી જણાયું કે જે રૂમમાં હું રહું છું તેમાં જ શ્રીનારાયણ સ્વામી રહેતા હતા અને ખૂબ જ ભજન કરેલી આ જગા છે. તેથી, એવી પ્રતીતિ થઈ હશે. **શબ્દનો કદાપિ નાશ થતો નથી.**

(૨)

તા.૫-૧૨-૧૯૬૭

તા. ૨૧-૧૧-'૬૭ થી તા. ૪-૧૨-'૬૭ સુધી તબિયત બહુ જ નરમ રહી. ક્યારેક શરદી-સળેખમ, તો ક્યારેક તાવ અને વધુ પડતું બળાત્કારે બેસવાથી મસાએ પણ પજવ્યું. તેથી, બેસવાનું પણ બંધ હતું. જીવ પણ દર્દમાં જ સમાધિસ્થ રહેતો હતો. બેસવાનું બંધ કરી દેવું પડેલું. 'દેહના દંડ દેહ ભોગવે' એમાં બીજાને પાછી ચિંતા કરાવવી ઠીક નહિ. વળી, હિમાલય જેવા સ્થાનમાં રહીએ છીએ, દર્દનાં દુઃખ રડવાં એ પણ કાયરતા કહેવાય. આટલું આજ સુધી છુપાવ્યું હતું. આજે જાહેર કર્યું. ક્ષમા કરજો હોં !

આજે પ્રાતઃ ૩ વાગ્યે ઊઠીને કોગળા કરવા માટે બહાર નીકળ્યો. સામે જ નેપાળના પહાડો અને હિમાલયના પહાડો દેખાય છે. કોણ જાણે કેમ પણ દૃશ્ય ગમી ગયું અને સતત જોઈ જ રહ્યો. પહાડો ઉપર ખૂબ ખૂબ પ્રકાશિત તારામંડળ આમતેમ ઊડતું હોય એમ લાગ્યું. મનમાં થયું કે આ બધા રસસિદ્ધો અને યુગ પુરુષો આ રીતે ભ્રમણ કરતા હશે. જાણે કાનમાં કોઈક કહેતું હોય કે અમે અમથા નથી ફરતા. આ તો નેપાલ-તિબેટ અને હિમાલયને ભેગા કરીએ છીએ. બહુ પહેલાંની વાત યાદ આવી કે ગમે ત્યારે પાકિસ્તાન અને તિબેટ ભારતમાં ભળી જશે. અનંતની સત્તા તળે જે કાંઈ બને છે તે સારા માટે જ બનતું હોય છે. ધીરજ રાખવી પડે.

(૩)

તા.૬-૧૨-૧૯૬૭

પ્રાતઃકાળ

આજે શ્રીનારાયણનગરથી નીકળીને બાગેશ્વર જઈ રહ્યો છું. આજ સુધી રૂમમાં પડી રહેલો. હવે હોટલના નોકરો સાથે, બસમાં મુસાફરો સાથે હિંદીમાં બોલવું પડે એટલે લખવા બેસું ત્યારે હિંદી-ગુજરાતી મિક્સ થવા માંડ્યું છે.

**(અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)**

## (૬) ડિવાઈન મધર

**કાર્તિકેય અ. ભટ્ટ**

સમગ્ર વિશ્વમાં 'ડિવાઈન મધર' તરીકે જાણીતાં થયેલાં પૉંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમના શ્રીમાતાજીનું મૂળ નામ મીરા આલ્ફસા હતું. ફ્રાંસના વતની મીરાનો જન્મ ૧૮૭૮ના ફેબ્રુઆરી માસની ૨૧મી તારીખે થયો હતો. જન્મથી જ કેટલીક દિવ્યશક્તિઓ ધરાવતાં મીરાને અગિયારથી તેર વર્ષની વચ્ચે ચૈત્યિક અને આધ્યાત્મિક અનુભવો હારબંધ થતા રહ્યા હતા. એ પરથી એમને એમ લાગ્યું હતું, 'ભગવાનનું અસ્તિત્વ છે. એટલું જ નહિ પણ માણસનું પ્રભુ સાથે મિલન થઈ શકે છે.' ઈ.સ. ૧૯૦૨માં ૨૪ વર્ષની વયે મીરા ઉત્તર આફ્રિકાના અલ્જિરિયા પ્રદેશમાં ગયાં અને ત્યાં રહીને થિઓં દંપતી પાસેથી ગુહ્યવિદ્યા શીખ્યાં. ઈ.સ. ૧૯૧૪માં માર્ચ મહિનાની ૨૯મી તારીખે પૉંડિચેરીમાં શ્રીઅરવિંદને મળ્યાં ત્યારે એમને થયું કે, 'મારું સ્થાન અને મારું કાર્ય એમની સાથે છે.'

પ્રથમ વિશ્વયુદ્ધને કારણે મીરાને ભારત છોડી પોતાના વતન ફ્રાંસમાં પાછા ફરવાની ફરજ પડી. ઈ.સ. ૧૯૧૬માં મીરા જાપાન ગયાં અને ચાર વર્ષ ત્યાં રોકાયાં. ૨૪ એપ્રિલ ૧૯૨૦ના રોજ પોતાની ૪૨ વર્ષની વયે મીરાનું પૉંડિચેરીમાં પુનઃ આગમન થયું અને ત્યાર બાદ તેમની મહાસમાધિ સુધી તેઓ પૉંડિચેરીમાં જ રહ્યા. માતાજીના પૉંડિચેરી આવ્યા પછી આશ્રમની રચના થઈ જેનો હેતુ હતો એક નૂતન, પૂર્ણ દિવ્યજીવનનો પ્રયોગ મોટાપાયા પર થઈ શકે. શ્રીઅરવિંદે મીરાને Mother તરીકે બિરદાવ્યા ત્યારથી જ તે નામે ઓળખાવાં લાગ્યાં. શ્રીમાતાજીએ શ્રીઅરવિંદની દૈવીશક્તિનો પરિચય તેમના સાથીઓને કરાવ્યો તથા સૌની વચ્ચે તેમને ગુરુપદે સ્થાપ્યા. શ્રીઅરવિંદને પૂર્ણ અશેષ સમર્પણ કરનારાં શ્રીમાતાજીએ કહ્યું હતું, 'Without Him I donot exist, without me He can not manifest.' શ્રીઅરવિંદે કહ્યું હતું, માતાજીના અને મારા માર્ગ વચ્ચે કોઈ ફેર નથી...એ માર્ગ તે અતિમનસના પરિવર્તન પ્રત્યે તથા પ્રભુના દિવ્યસાક્ષાત્કાર પ્રત્યે લઈ જનારો માર્ગ છે.

શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીની પૂર્ણયોગની સાધના દરમિયાન તારીખ ૨૪ નવેમ્બર ૧૯૨૬ના દિવસે આશ્રમમાં અધિમનસનું અવતરણ થયું. અધિમનસ (overmind) એટલે જગતમાં અત્યાર સુધી ના પ્રગટેલી સક્રિય દિવ્યચેતના...અધિમનસ પરમાત્માનું અવતરણ છે. તે અતિમનસ (supermind) તથા આનંદના વાતાવરણની તૈયારી કરે છે. અધિમનસ એ માનવમન અને અતિમનસ વચ્ચેની કડી છે. શ્રીમાતાજી અને શ્રીઅરવિંદ આદેશને માન આપીને અધિમનસ સૃષ્ટિનું સર્જન બંધ રાખીને અતિમનસ ચેતનાના અવતરણ માટેની જહેમતભરી તૈયારીમાં લાગી ગયાં. અધિમનસ અવતરણ ઘટના પછી શ્રીઅરવિંદ પોતાની સાધનાની પૂર્ણસિદ્ધિ માટે આશ્રમની અને સાધકોની આત્મિક વિકાસની બધી જ

જવાબદારી શ્રી માતાજીને સોંપીને નેપથ્યમાં ચાલ્યા ગયા.

શ્રીમાતાજી માનતાં કે સ્થૂળ કે સૂક્ષ્મમાં સહેજ પણ અહંકાર હોય તો પરમ ચેતનાનો સંપર્ક થઈ શકતો નથી. આથી જ આશ્રમમાં માતાજીની કાર્યપદ્ધતિ અને કાર્યવહેંચણી વિશિષ્ટ હતી. તેઓ કવિને રાંધવાનું અને ડૉક્ટરને વાસણ માંજવાનું કામ સોંપતા. આનો ઉદ્દેશ વ્યક્તિ ઊંચાંનીચાં કર્મનો ભેદ ભૂલે અને અહમ્ કેંદ્રિત વ્યક્તિત્વમાંથી મુક્તિ મેળવે. પૂર્ણયોગની સાધનામાં અહંકારનો સંપૂર્ણ વિલય અને આત્મસાક્ષાત્કાર એ પ્રથમ પગથિયું છે. મન અને પ્રાણ જ નહિ પણ શરીરને પણ દિવ્ય બનાવવાની પૂર્ણયોગની રૂપાંતરની સાધના ત્યાર પછી જ શરૂ થાય છે. વિલફ્રેડ 'The Mother' પુસ્તકમાં દર્શાવે છે કે પૂર્ણયોગની આ સાધના મૂળભૂત રીતે ત્રણ પ્રકારે-ચૈત્યિક, આધ્યાત્મિક તેમ જ અતિમાનસિક રીતે આગળ વધે છે. સંક્ષિપ્તમાં કહીએ તો ચૈત્યિક રૂપાંતર દ્વારા સમગ્ર સ્વરૂપ નિર્ણાયક રીતે ઈશ્વર પ્રતિ અભિમુખ થઈ જાય છે. પ્રકૃતિમાં રહેલા સર્વ અસંસ્કારી તેમ જ દુર્બોધ તત્ત્વો દૂર થઈ જાય છે, ત્યાર બાદ આધ્યાત્મિક રૂપાંતર દ્વારા માનવના સમગ્ર સ્વરૂપમાં પ્રકાશ, આનંદ અને શક્તિ તેમ જ સત્યનું અવતરણ થઈ આવે છે. ત્યાર પછી અતિમાનસિક રૂપાંતરની પ્રક્રિયા દરમિયાન માનવની સમગ્ર પ્રકૃતિ અને એનાં શરીરકોષોનું સુધ્ધાં રૂપાંતર થઈ જાય છે જેને શ્રીઅરવિંદે 'અતિમાનવ' નામ આપ્યું છે.

૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ શ્રીઅરવિંદે દેહત્યાગ કર્યો. શ્રીઅરવિંદના આદેશ અનુસાર શ્રીમાતાજીએ શ્રીઅરવિંદના દેહોત્સર્ગ બાદ પૂર્ણયોગની સિદ્ધિનું કાર્ય ચાલુ રાખ્યું હતું. શ્રીમાતાજી ભૌતિક દેહમાં 'એકલાં' હતાં. છતાં આંતરિક ભૂમિકાએ શ્રીઅરવિંદ સાથે તેમનો વ્યવહાર ચાલુ હતો. શ્રીઅમલકિરણ નોંધે છે કે 'જે ક્ષણે શ્રીઅરવિંદ પોતાના શારીરિક આવરણમાંથી બહાર નીકળી ગયા તે જ ક્ષણે અતિમનસ પ્રકાશ શ્રીમાતાજીના શરીરમાં ઊતરી આવ્યો. ત્યાર પછી એ પ્રકાશ ઊંડે ઊતરીને કામ કરવા લાગ્યો. અંતે ઈ.સ. ૧૯૫૬ના ફેબ્રુઆરી માસની ૨૯મી તારીખે આશ્રમના પ્લેગ્રાઉંડમાં ધ્યાન દરમિયાન અતિમનસ અવતરણની વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં જેને અપૂર્વ કહી શકાય તેવી ઘટના બની. 'અતિમનસનો પ્રકાશ, શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર એક અસ્ખલિત પ્રવાહમાં નીચે ધસી આવ્યો. શ્રીમાતાજીનું કહેવું હતું, 'માનવી વિશ્વના વિકાસનું છેલ્લું પગથિયું નથી, પરંતુ વચગાળાની પ્રગતિશીલ ભૂમિકા છે, અવસ્થા છે. જડતત્ત્વમાં પ્રાણના આવિર્ભાવ સાથે વનસ્પતિ અને પશુપક્ષી જીવનનું નિર્માણ થયું અને મનનો આવિર્ભાવ થયો તેમાંથી માનવી ઉત્ક્રાંત થયો. તેવી રીતે મનની ઉપર ચેતના સાથે અતિમનસનો જન્મ અને અતિમાનસ રૂપાંતર સૃષ્ટિના વિકાસમાં નિર્દિષ્ટ છે. સૃષ્ટિના મૂળમાં ચૈતન્યતત્ત્વ રહેલું છે તેનો આવિર્ભાવ કરી પાર્થિવ પ્રકૃતિનું રૂપાંતર કરી પૃથ્વી ઉપર દિવ્યજીવનની સ્થાપના કરવાની છે.'

શ્રીઅરવિંદે એમ કહ્યું હતું કે, 'માતાજીના

સાથ અને સહકારથી મારી ઉપાસનાનાં દસ વર્ષ ઓછાં થયાં હતાં.' શ્રીવિમલાબહેન ઠકારે અતિમનસની ફલશ્રુતિને સ્પષ્ટ કરતાં કહ્યું હતું, 'એક નવી મનુષ્યજાતિ હવે થવાની છે. જૈવિક ઉત્ક્રાંતિને કારણે મનુષ્યદેહનો જે આકાર છે એ તો લગભગ પૂર્ણતા સુધી પહોંચી ગયો છે. હવે જે ક્રાંતિ થવાની છે એ ચેતનાના સ્તર પર થવાની છે. જે આજનો યુગધર્મ છે. જે કૃષ્ણમૂર્તિએ પણ બહુ સાદા શબ્દોમાં આ વાત મૂકી હતી, 'શરીર, વાણી અને મનનો ક્રમિક વિકાસનો દૃઢ પાયો ન બાંધો તો આગળ વિકાસ થઈ શકે નહિ. પૂજ્ય શ્રીમોટાએ શ્રી એ. જી. ભટ્ટ સાહેબ સાથે આ વિશેની વાત વિસ્તારથી કરી હતી અને કહ્યું હતું, 'આ શક્યતા નહિ પરંતુ વાસ્તવિકતા છે, આ પ્રોસેસમાં છે અને ભવિષ્યમાં થઈને જ રહેશે.'

શ્રીઅરવિંદના આદર્શ મુજબના પૂર્ણજીવન માટે બાળકોને તૈયાર કરવાના હેતુથી માતાજીએ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેંદ્રની સ્થાપના કરી. ઈશ્વરીય નિયમન હેઠળની સામાજિક ક્રાંતિના આદર્શરૂપ 'ઑરોવિલ' નગરીની સ્થાપના કરી. પૃથ્વી પરનાં પોતાના જીવનનાં છેલ્લાં વર્ષો દરમિયાન શ્રીમાતાજીએ શરીરના રૂપાંતરની સાધનામાં પોતાની જાતને પ્રયોજી દીધી તથા પોતાના શરીરના કોષોને નૂતન બંધારણ માટે તૈયાર કરવાના પ્રયત્નો કર્યા. પૃથ્વીની ઉત્ક્રાંતિના બે તબક્કે જેટલું રૂપાંતર શક્ય હતું એટલું રૂપાંતરનું કાર્ય સિદ્ધ કર્યા બાદ શ્રીમાતાજીએ ઈ.સ. ૧૯૭૩ની ૧૭મી નવેમ્બરે સાંજે ૭:૨૫ કલાકે પોતાનું સ્થૂળ શરીર ત્યજી દીધું અને તેઓ સૂક્ષ્મ તેજોમય શરીરમાં ચાલ્યા હતાં. શ્રીમાતાજીએ તેમના શિષ્યો, સાધકોને કહ્યું હતું, 'હું, જો મારું શરીર મૂકી દઈશ તો મારી ચેતના તમારી સાથે રહેશે.'

શ્રીઅરવિંદ, શ્રીમાતાજીના અનન્ય ભક્ત શ્રી નલિનીકાંત ગુપ્તાના આ શબ્દો સાથે વિરમીશું, 'આપણી સામે જે પ્રશ્ન ખડો છે તે એ નથી કે 'નૂતનમાનસ' 'અતિમાનવતા' આવશે ખરી કે નહિ અને આવશે તો ક્યારે, પરંતુ આપણે તો હવે એ પ્રશ્નનો ઉત્તર આપવાનો છે કે આપણામાંથી એને ઝીલી શકે એવું એનું પાત્ર થવા, એનું કારણ બનવા, એને ધારણ કરવા કોણ તૈયાર છે ?

❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ)**

સરયુ તટ પર બાગેશ્વર બડા ગામ હૈ. વહાં આકર રાત રહા. ભારત ઓર નેપાલ કી સરહદ બતાનેવાલી હિમાલય સે નીકલી હુઈ કાલી નદી, ધારચૂલા ઔર નારાયણ આશ્રમ પોસ્ટ કૈલાસ. વીસ મૈલ કા અંતર હૈ બીચ મેં એક છોટા ગાંવ તબા હૈ. ઘાટ મેં હિમાલય સે નીકલી હુઈ ભારત કી હદ મેં બહતી હુઈ આનેવાલી ધોલી નદી કો મિલતી હૈ. ફીર વો કાલીધોલી નદી કહલાતી હૈ. ધીરે ધીરે ઓર ભી છોટી છોટી બહુત નદિયાં મિલને સે બાગેશ્વર આતે આતે શ્રી સરયુ નદી બડી હો જાતી હૈ. વહી સરયુ અયોધ્યા મેં હૈ. (ક્રમશઃ)

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર.આ. પૃ. ૨૦ ❑

## (૭) મનુષ્ય પાષાણથી પણ નીચ

**સ્વામી રામદાસ**

જો સંતનાં વચન ઉપર શ્રદ્ધા રાખવામાં આવે તો મુક્તિ તત્કાળ જ મળે છે. ચલિત ચિત્તવાળા રહેવાથી હાનિ થાય છે. સ્વસ્થ બેસવા છતાં મન કોઈ કોઈ વાર ચંચળ બની જાય છે ! પરંતુ વિવેકથી મનની ચંચળ ગતિને રોકીને પરમ ભક્તિપૂર્વક ઉપદેશને (સંતના શબ્દોને) ગ્રહણ કરવો. શ્રવણના વિષયમાં અંતર ઊતર્યા વિના જ જે ઉપર ઉપરથી શ્રવણ કરે છે તે શ્રોતા નથી, પરંતુ મનુષ્યના સ્વરૂપમાં તેને પાષાણ જ સમજવો.

મનુષ્યને પાષાણ કહેવાથી કોઈ શ્રોતાને અહીં ખોટું લાગશે, માટે હવે પાષાણનાં લક્ષણ શું છે તે સાવધાન થઈને શ્રવણ કરો.

પાષાણને ઘડીને બરાબર કરવામાં આવે તે પછી તે સદાય તેવો અને તેવો જ રહે છે. ટાંકણથી એકવાર જુદો પડેલો પથ્થરનો ટુકડો ફરીથી જોડાઈ શકતો નથી, પરંતુ મનુષ્યની સ્થિતિ તેવી નથી. બોધ કરવાથી મનુષ્યની કુબુદ્ધિ એકવાર ટળી ગઈ છે તે ફરીથી પણ તેનામાં આવી જાય છે. માટે, પાષાણ જ મનુષ્ય કરતાં અધિક શ્રેષ્ઠ ઠર્યો ! જે મનુષ્યના દુર્ગુણો જતા નથી તેને પાષાણ કરતાં પણ નીચ સમજવો. આવા મનુષ્ય કરતાં પાષાણ કોટિગણો શ્રેષ્ઠ છે !

માણેક, મોતી, હીરા, નીલમ, પરવાળાં, ગોમેદ, સૂર્યકાંત, ચંદ્રકાંત ઇત્યાદિ અનેક પ્રકારના કીમતી પથ્થર હોય છે, તેમ જ નાના પ્રકારના ઔષધિ-મણિઓ અત્યંત ઉપયોગી હોય છે. એ સિવાય અન્ય પણ ઉપયોગી પાષાણો હોય છે જે અનેક તીર્થોમાં કૂપોમાં અને કૂંડોમાં જડેલા હોય છે. અથવા શંકર અને વિષ્ણુની મૂર્તિના રૂપમાં પૂજાય છે. આ પ્રમાણે વિચાર કરતાં જણાય છે કે **પાષાણની આગળ મનુષ્ય અત્યંત તુચ્છ છે.** દુશ્ચિત અને અભક્ત લોકો ખરેખર ઉક્ત પાષાણની બરાબરી કદી પણ કરી શકતા નથી. જેથી તેમને અપવિત્ર અને નકામા પાષાણની ઉપમા ભલે અપાતી.

આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે દૂષિત ચિત્તથી હાનિ થાય છે અને તેનાથી વ્યવહાર કે પરમાર્થ એમાંનું એક પણ સિદ્ધ થતું નથી. દૂષિત ચિત્તથી કાર્યનો નાશ થાય છે. ચિંતા ઉત્પન્ન થાય છે અને શ્રવણ કરેલી વાત સ્મૃતિમાં ટકતી નથી. દૂષિત ચિત્તથી આપણી હાર થાય છે, જન્મમરણનો ફેરો પ્રાપ્ત થાય છે અને આપણો નાશ થાય છે. દૂષિત ચિત્તને લીધે સાધકથી સાધન અને ભજન થઈ શકતું નથી અને જ્ઞાન પણ પ્રાપ્ત થતું નથી. વળી, દૂષિત ચિત્તથી નિશ્ચય થતો નથી, યશ મળતો નથી અને હિતનો નાશ થાય છે. દૂષિત ચિત્તવાળાનું જીવન ગાંડાના જેવું કિંવા આંધળાં, બહેરાં, મૂંગાં મનુષ્યના જેવું હોય છે. દૂષિત ચિત્તવાળાને આળસ ઘેરી લે છે અને આળસ આવ્યા પછી મનુષ્યને અવકાશ મળતો નથી. આળસથી કરવા ધારેલો વિચાર રહી જાય છે, આચારનો નાશ થાય છે ! આળસને કારણે શ્રવણ કે જ્ઞાન થતું નથી અને પરમાર્થનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો તે પણ મલિન બની જાય છે. આળસથી નિત્યનિયમ તૂટી જાય છે,

અભ્યાસ તૂટી જાય છે. આમ થવાથી આળસની જ બહુ વૃદ્ધિ થાય છે, આળસથી નિશ્ચય કરવાની શક્તિ-બુદ્ધિબળ ઘટી જાય છે અને કેવળ આયુષ્યનો વૃથા વ્યય જ થાય છે. નિદ્રા, આલસ્ય અને દૂષિત ચિત્ત હોવું એ જ મૂર્ખનાં લક્ષણ છે. જ્યાં આ ત્રણે કુલક્ષણ હોય ત્યાં વિવેક તો હોય જ ક્યાંથી ! છતાં અજ્ઞાની પુરુષો આ અવગુણોમાં જ મહાસુખ માને છે !

હવે સજ્જનની સંગતિથી મુક્તિ પ્રાપ્ત થાય છે. એ અંગે એકાગ્રચિત્તથી શ્રવણ કરો ! જેમ લોહને પારસનો સ્પર્શ થવાથી તરત જ તે સુવર્ણ બની જાય છે, જેમ જળબિંદુ સાગરમાં તે જ ક્ષણે તેમાં એકરૂપ થઈ જાય છે અને અન્ય કોઈ નદી - જલપ્રવાહ - ગંગામાં મળતાં વાર જ ગંગાસ્વરૂપ બની જાય છે, તે જ પ્રમાણે જે મનુષ્ય સાવધ, વ્યવસ્થિત અને દક્ષ હોય છે તેને યોગ્ય સત્સંગ મળતાં તત્કાળ મોક્ષની પ્રાપ્તિ થાય છે ! મનુષ્યમાં જો બુદ્ધિ અને વિશ્વાસ હોય તો તેનું દેહાભિમાન નષ્ટ થાય છે. દેહાભિમાન નષ્ટ થતાં બ્રહ્મ પ્રાપ્તિ સહજ હોય છે ! ઉત્તમ ભાવિકોને સાધનો દ્વારા મોક્ષ મળે છે. પરંતુ સંતસમાગમથી તો તત્કાળ જ વિવેકદષ્ટિનો વિકાસ થાય છે.

'શ્રીદાસાનુબોધ', બીજી આ; પૃ.૩૨૮ ❑

**(અનુસંધાન પેજ નં. ૮ નું ચાલુ)**

એટલે શ્રીદાદાજીએ તે બન્નેને છોટેદાદાજી પાસે મોકલ્યા અને કહ્યું, 'તમારું આ કામ છોટેદાદાજી કરી આપશે.' આથી, તેઓ છોટેદાદાજી પાસે પહોંચ્યા. તેમણે સઘળી વાત છોટે દાદાજીને કહી. એટલે છોટેદાદાજી આશીર્વાદ આપતા બોલ્યા, 'જાઓ, તમારો વિજય થશે.' આ પછી તેઓ અલ્હાબાદ પાછા આવ્યા ત્યારે વિલાયતથી મુકદમો જીત્યાનો પત્ર તેમને મળ્યો. હવે તેઓ ૭૫૦ ગામોના જમીનદાર બન્યા. એટલે તેઓ ખુશી વ્યક્ત કરવા માટે પોતાના પરિવાર સાથે શ્રીદાદાજીના દરબારમાં સાંઈખેડા ફરીથી આવ્યા. તેમણે એક મોટર, સોળ હજાર રૂપિયા અને પાંચ હજાર મુદ્રાઓ શ્રીદાદાજીને સમર્પણ કરી, પરંતુ શ્રીદાદાજીએ તેની સામે જોયું સુધ્ધાં નહિ. એટલે ચૌધરીસાહેબે તે પૈસા છોટેદાદાજીના આસન નીચે મૂકી દીધા અને ઉપર ગાદી મૂકી દીધી. છોટેદાદાજી જ્યારે ગાદી ઉપર બેઠા ત્યારે તેમને કંઈક ખૂંચતું જણાયું. તપાસ કરી તો માલૂમ પડ્યું કે ચલણી નાણું છે. તેથી તેમણે તે રૂપિયા અને મુદ્રાઓ ગરીબોમાં વહેંચી દીધી. મોટર તેમની પાસે રાખી. આજે પણ તે મોટર ખંડવામાં જોવા મળે છે.

'શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી', પ્ર. આ., પૃ. ૩૨ ❑

**'હરિભાવ' ન મળવા અંગે**

'હરિભાવ'નું પોસ્ટિંગ દર મહિને દસ તારીખે કરવાનું અમારા માટે બંધનકર્તા છે. તે બાદ પોસ્ટ ખાતાની કામગીરીના કારણે 'હરિભાવ' વિલંબથી કે ન મલવાની સ્થિતિ સર્જાય છે. આ સ્થિતિનો આપણે સૌએ સ્વીકાર કરવો જ રહ્યો. સામાન્ય રીતે દસ કે પંદર દિવસ બાદ 'હરિભાવ' મળતું હોય છે. આ કારણે 'હરિભાવ' પરિવારના સભ્યોને ધીરજ રાખવા વિનંતી છે. તે બાદ શ્રી સુરેશભાઈ વૉરાના મો.૯૪૨૭૫ ૫૪૩૯૧ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. જેથી ફરીથી અંક મોકલી શકાશે.

**- સંપાદક**

## (૮) મંત્ર-અલ્ટ્રાવાયોલેટ કિરણો

**સ્વામી શિવાનંદ**

મંત્રયોગ વાસ્તવિક વિજ્ઞાન છે. જેના મનન દ્વારા જન્મમૃત્યુના ચક્રથી મુક્તિ મળે, તે મંત્ર છે. દરેક મંત્ર માટે એક ઋષિ છે, જેણે એ મંત્ર સંસારને આપ્યો. મંત્ર ઈશ્વર છે. મંત્ર તથા તેના અધિષ્ઠાતા દેવ એક જ છે. મંત્ર સ્વયં દેવતા છે. મંત્ર એ દૈવી શક્તિ છે, જે શબ્દ શરીરથી પ્રગટ થાય છે. શ્રદ્ધા, ભક્તિ તથા શુદ્ધતાની સાથે સતત મંત્રજપ કરવાથી સાધકની શક્તિ વધે છે, મંત્ર-ચૈતન્યનું જાગરણ થાય છે તથા સાધકને મંત્રસિદ્ધિ મળે છે. તેને જ્ઞાન, મુક્તિ, શાંતિ, નિત્યસુખ તથા અમૃતત્વની પ્રાપ્તિ થાય છે.

મંત્રનો સતત જપ કરવાથી સાધક મંત્રના અધિષ્ઠાતા દેવતાનાં ગુણો તથા શક્તિઓ પ્રાપ્ત કરે છે. સૂર્યમંત્રના જપ કરવાથી સ્વાસ્થ્ય, દીર્ધાયુ, વીર્ય તથા તેજની પ્રાપ્તિ થાય છે. તે શરીર તથા ચક્ષુના સર્વ રોગોને દૂર કરે છે. સરસ્વતીના મંત્રથી તમે જ્ઞાન તથા પ્રખર બુદ્ધિ પ્રાપ્ત કરશો. લક્ષ્મીના જપથી તમે સંપત્તિ પ્રાપ્ત કરશો. ગણપતિના મંત્ર વિઘ્નનું નિવારણ કરશે. શ્રીહનુમાનમંત્રથી વિજય તથા બળની પ્રાપ્તિ થશે. કેટલાક સગુણ મંત્ર છે જે પહેલાં સગુણ સાક્ષાત્કાર પ્રદાન કરશે, અંતમાં નિર્ગુણ સાક્ષાત્કાર.

મંત્રોમાં દેવતાઓની સ્તુતિ અથવા કરુણા અથવા સહાયતાની યાચના થાય છે. શબ્દોના લયપૂર્ણ સ્પંદનથી આકૃતિઓ ઉત્પન્ન થાય છે. મંત્રોના ઉચ્ચારણથી તેમના દેવતા વિશેષની આકૃતિઓ મનમાં નિર્મિત થાય છે.

મંત્રો દ્વારા અસાધ્ય બીમારીઓ દૂર કરી શકાય છે. મંત્રજપથી આધ્યાત્મિક તરંગો અથવા દિવ્ય સ્પંદનનું નિર્માણ થાય છે. તે રોગીના સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરોમાં પ્રવેશી કષ્ટોનાં મૂળનું નિવારણ કરે છે. તે જીવકોષોને સત્ત્વથી પરિપૂરિત કરી દે છે. તે રોગના કીટાણુઓનો નાશ કરે છે અને જીવનકોષોને શક્તિ પ્રદાન કરે છે. તે સર્વોત્તમ કીટાણુનાશક છે. તે અલ્ટ્રાવાયોલેટ કિરણોથી પણ અધિક શક્તિશાળી છે.

મંત્રસિદ્ધિનો અન્યના વિનાશ કાર્યમાં દુરુપયોગ કરવો ન જોઈએ. જે લોકો મંત્રસિદ્ધિનો દુરુપયોગ કરે છે, તેઓ અંતે નાશ પામે છે. મંત્રશક્તિનો ઉપયોગ પૂર્ણતઃ નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે થશે તો ઈશ્વરની કૃપાથી તેની શક્તિ વધી જશે. પોતાના ગુરુ પાસેથી મંત્રદીક્ષા પ્રાપ્ત કરો અથવા ગુરુ મેળવવામાં કઠિનાઈ હોય તો પોતાના ઈષ્ટદેવતાને પ્રાર્થના કરો અને કોઈ વિશેષ મંત્રનો જપ શરૂ કરી દો.

શીઘ્ર આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે સંયમ-વ્રતનું પાલન કરી કોઈ મંત્રના નિશ્ચિત સંખ્યામાં જપ કરાય તેને પુરશ્ચરણ કહેવાય છે. ભૌતિક ઉન્નતિ માટે પણ પુરશ્ચરણ કરી શકાય છે. પુરશ્ચરણમાં કેવળ તાજાં ફળ, ભાજી, દૂધ, હવિષ્યાન્ન ગ્રહણ કરવો જોઈએ. માત્ર દૂધ ઉપર જ રહો તો સારું છે. તીર્થસ્થાન,

નદીઓના સંગમ, તુલસી-વાટિકા કે પીપળાની નીચે કે કોઈ પણ પવિત્ર સ્થાનમાં પ્રારંભ કરો. પોતાના ઘરના કોઈ ભાગને મંદિર બનાવી દો. પુરશ્ચરણ માટે તમે કોઈ પણ મંત્ર પસંદ કરી શકો છો, પરંતુ તમારો ગુરુમંત્ર કે ઇષ્ટમંત્ર જ સર્વોત્તમ છે. સંધ્યાકાળ, સૂર્યોદય, સૂર્યાસ્ત તથા મધ્યાહ્ન-એ સમય જપ માટે અનુકૂળ છે. મંત્રમાં જેટલા અક્ષર છે, તેટલા લાખ જપ કરો. તેનાથી અડધા પણ કરી શકો પરંતુ કોઈ પણ હાલતમાં જપની સંખ્યા એક લાખથી ઓછી થવી ન જોઈએ. જપ સમયે પૂર્વ કે ઉત્તર તરફ મુખ રાખીને બેસો. સિદ્ધાસન, પદ્માસન, સ્વસ્તિકાસન, વીરાસન કે કોઈ પણ એક આસનમાં બેસો. પેટમાં ભોજનનો ભાર રાખી કદી જપ માટે ન બેસો. જપ માટે સમય નિશ્ચિત કરો. જપારંભ કરતાં પહેલાં સ્નાન કરી લો અથવા ઓછામાં ઓછું હાથપગ ધોઈ લો. જપ વખતે વ્યાઘ્રચર્મ, મૃગચર્મ, વસ્ત્ર, કામળો, કુશઘાસ ગમે તે એકનો આસન તરીકે ઉપયોગ કરી શકાય. પણ મંત્ર ગણવા માટે ૧૦૮, ૫૪ અથવા ૨૭ મણકાની સ્ફટિક, તુલસી કે રુદ્રાક્ષની માળાનો ઉપયોગ કરાય છે.

મનને સાંસારિક વિષયોમાંથી પાછું વાળી મંત્રના અર્થમાં લીન થતાં ઈશ્વરચિંતનની સાથે સમગતિથી જપ કરવો. મંત્રના દેવતા તથા અર્થ પ્રતિ એકાગ્રતા રાખવાથી મંત્રસિદ્ધિની પ્રાપ્તિ શીઘ્ર થાય છે.

જપ સમયે અનાવશ્યક શરીર ન હલાવો. આમ તેમ ન દેખો. ઠઠ્ઠા-હાસ્ય વગેરેમાં શક્તિ ન વેડફો. પ્રતિદિન એક જ ગણના પૂરી કરો. મંત્રપુરશ્ચરણથી અગણિત લાભ છે. તેનાથી મનની પ્રસન્નતા, સંતોષ, વૈરાગ્ય, ઇષ્ટદેવનું દર્શન, સફળતા તથા મનની શુદ્ધિ એ સર્વ પ્રાપ્ત થાય છે.

**લિખિત જપ**

જપની વિવિધ વિધિઓમાં લિખિત જપ ઘણા પ્રભાવશાળી છે. તે સાધકોને ધારણાના અભ્યાસમાં સહાય કરે છે તથા ધીમે ધીમે ધ્યાન તરફ લઈ જાય છે. મન, જીભ, હાથ તથા આંખ સર્વ મંત્રમાં સંલગ્ન રહે છે, તેથી વિક્ષેપનો અભાવ થાય છે. તેનાથી ધારણા શક્તિ વધે છે તથા કાર્યમાં દક્ષતા આવે છે. મન ઉપર નિયંત્રણ આવે છે. ચિત્તમાં સૂક્ષ્મ આધ્યાત્મિક સંસ્કાર બને છે જે આત્મોન્નતિમાં સહાય કરે છે. ચિંતા કે દુઃખદ સ્થિતિમાં પણ મનમાં શાંતિ રહે છે.

કોઈ મંત્ર કે ભગવાનનું નામ પસંદ કરો. કોઈ મંત્રલેખન પુસ્તિકામાં રોજ એકથી ત્રણ પૃષ્ઠ સુધી શાહીથી મંત્ર લખો. એક સ્થાન ઉપર એક જ સમયમાં બેસો. જો સંભવ હોય તો તે સ્થાનને તાળાકૂંચીથી બંધ રાખો. જપલેખન દરમિયાન હાલવું ચાલવું નહિ. મૌન રાખો, મંત્રલેખન પુસ્તિકા ઉપર આંખો સ્થિર રાખો. મંત્રલેખન વખતે નામ કે મંત્રનો માનસિક જપ કરો. ઈશ્વરની મૂર્તિ અથવા તેમનાં વિશેષણો ઉપર મન એકાગ્ર કરો. એક જ પ્રકારની લેખન વિધિનું પાલન કરો. ઉપરથી નીચે કે જમણી બાજુથી ડાબી બાજુ લખો. મંત્ર અથવા નામને બદલો નહિ. કોઈ એક મંત્ર પસંદ કરી આજીવન તેનું પાલન કરો. બધી મંત્રલેખન પુસ્તિકાઓ પૂજાસ્થાનમાં રાખો.

'દિવ્યજીવન', પૃ.૩ ❑

## (૯) હરિઃૐ આશ્રમ, સુરતને અપાયેલ દાન અંગે

ટ્રસ્ટીમંડળ

ભાવિક ભક્તો / સ્વજનશ્રી,

કેટલાંક સ્વજનો હરિઃૐ આશ્રમ, સુરતના બૅંક ખાતામાં ડાયરેક્ટ CASH / NEFT / RTGS / ECS / Electronic Fund Transferના માધ્યમથી દાનની રકમ જમા કરાવે છે, પરંતુ આશ્રમને આ અંગે માહિતી આપવામાં આવતી નથી. અમો આશ્રમમાં દાન આવકની રસીદ તો બનાવીએ જ છીએ, પરંતુ એ રસીદ નામ-સરનામા વિનાની અધૂરી રસીદ રહે છે. જેથી, ઑડિટ અને ઈન્કમટૅક્સના પ્રશ્નો ઊભા થાય છે. ભારત સરકારના કાયદાઓ મુજબ નામ-સરનામા વિનાનું દાન ૩૦% ઈન્કમટૅક્સને પાત્ર છે. જે ભરવાની જવાબદારી આશ્રમની છે. નામ-સરનામા વિનાની દાનની વિગત :-

| ક્રમ | દાન આવક તારીખ | બૅંકમાં દાન આવક પ્રકાર | આશ્રમની રસીદ નં. | તારીખ | રકમ | ફંડ ખાતે જમા | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧-૦૮-૨૦૧૮ | ECS | ૪૫૨૩ | ૧૬-૦૮-૨૦૧૮ | ૧૦૦૦/- | કેળવણી | |
| ૨ | ૦૪-૦૯-૨૦૧૮ | ECS | ૪૬૮૦ | ૦૬-૦૯-૨૦૧૮ | ૫૦૦૦/- | આશ્રમ નિભાવ | |
| ૩ | ૨૩-૧૧-૨૦૧૮ | By Cheque No. 65222 Clearing | ૫૬૩૧ | ૧૧-૧૨-૨૦૧૮ | ૨૦૦૦/- | કેળવણી | |
| | | | | **ટોટલ** | ૮૦૦૦/- | | |

આ અગાઉ પણ આ જ પ્રકારની વિગતો ‘હરિભાવ’માં પ્રકાશન કરવામાં આવી છે અને તે વેળાએ દાતાશ્રીઓએ આશ્રમનો સંપર્ક કરી માહિતી પૂર્ણ કરેલ હતી. ફરી એકવાર ભાવિક ભક્તોને નમ્ર વિનંતી છે કે, ઉપરોક્ત દાનની રકમ જો આપશ્રીએ જમા કરાવી હોય તો આશ્રમના ફોન નં. ૦૨૬૧-૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬ અથવા ઈમેઈલ hariommota1@gmail.com ઉપર આપની સંપૂર્ણ વિગત આપશોજી. જે મુજબની કાર્યવાહી બાદ આપને ઑરિજિનલ રસીદ મોકલી આપવામાં આવશે.

ભવિષ્યમાં હરિઃૐ આશ્રમ, સુરતના બૅંક ખાતામાં ડાયરેક્ટ CASH / NEFT / RTGS / ECS / Electronic Fund Transferના માધ્યમથી દાનની રકમ જમા કરાવનારાં સ્વજનો, ઉપરોક્ત હકીકતને ધ્યાનમાં રાખીને પોતાની વિગત આશ્રમને પૂરી પાડશે એવી નમ્ર વિનંતી સહ આભાર,

લિ.
ટ્રસ્ટીમંડળ
હરિઃૐ આશ્રમ, સુરત વતી
**ધીમંત ઘીવાળા**

 શ્રીરામકૃષ્ણ પરમહંસ

મેં બધી જાતની સાધના કરી છે. સાધના ત્રણ પ્રકારની : સાત્ત્વિક, રાજસિક અને તામસિક. સાત્ત્વિક સાધનામાં સાધક આતુર થઈને ઈશ્વરને બોલાવે અથવા કેવળ ઈશ્વરનું નામ લઈને રહે. બીજી કશી ફળની ઈચ્છા રાખે નહિ. રાજસિક સાધનામાં અનેક જાતની પ્રક્રિયાઓ : આટલાં પુરશ્ચરણ કરવાં, આટલાં તીર્થ કરવાં, પંચતપ કરવાં, ષોડશોપચાર પૂજા કરવી હોય. તામસિક સાધના એટલે તમોગુણનો આધાર લઈને કરેલી સાધના. જેમ કે 'જય કાલી ! તું દર્શન નહિ દે તો હું અબઘડી ગળે છરી ફેરવી દઈશ ! એ સાધનામાં શુદ્ધ આચાર નહિ, જેમ કે તંત્રોની સાધના.'

સાધના વખતે હું જોઈ શકતો કે એક જણ ખરેખર ત્રિશૂળ લઈને બાજુમાં બેઠો છે. મને બીક દેખાડે છે કે જો ઈશ્વરનાં ચરણકમળમાં મન નહિ રાખું તો ત્રિશૂળથી મને મારશે એટલે મન બરાબર નહિ હોય તો છાતી ભેદાઈ જવાની એનો મને ડર રહેતો હતો.

ક્યારેક મા કાલી એવી અવસ્થા કરી દેતાં મન નિત્યમાંથી લીલામાં ઊતરી આવતું ત્યારે ક્યારેક સીતારામનું રાતદિન ચિંતન કરતો અને બાલરામની અષ્ટધાતુની બનાવેલી નાની મૂર્તિને સાથે રાખીને આખો દિવસ ફર્યા કરતો. એ મૂર્તિને ક્યારેક નવડાવતો તો ક્યારેક ખવડાવતો. ક્યારેક રાધાકૃષ્ણના ભાવમાં તો ક્યારેક ગૌરાંગના ભાવમાં રહેતો હતો. વળી, ક્યારેક રાધા કૃષ્ણના સ્વરૂપનાં દર્શનમાં રહેતો. તેમાં બન્ને ભાવનું મિલન, પુરુષ અને પ્રકૃતિ ભાવનું મિલન. ક્યારેક લીલા છોડી નિત્યમાં મન ચડી જતું. ત્યારે સરગવો અને તુલસી એકસરખાં જ લાગવા માંડ્યા. પછી ઈશ્વરીરૂપો ગમતાં નહિ. ઓરડામાં જેટલી દેવદેવતાઓની છબીઓ હતી તે બધી ઉતારી નાખી. કેવળ એ અખંડ સચ્ચિદાનંદ, આદિપુરુષનું ચિંતન કરવા લાગ્યો. હું પોતે દાસીભાવે રહ્યો, એ પુરુષની દાસી.

સાધના વખતે ધ્યાન કરતાં કરતાં હું દીવાની શિખાનું આરોપણ કરતો. હવા જરાય ન હોય અને બિલકુલ હલે ચલે નહિ.

ગંભીર ધ્યાનમાં સાધક બાહ્યજ્ઞાન રહિત થઈ જાય. જેમ કે શિકારી પક્ષી મારવા સારુ નિશાન લે છે ત્યારે એની પાસેથી વરઘોડો ચાલ્યો જાય છે પણ શિકારીને ખબર જ પડે નહિ કે પાસે થઈને વરઘોડો ચાલ્યો ગયો.

ધ્યાનમાં એવી એકાગ્રતા થાય કે બીજું કંઈ દેખી ન શકાય કે સાંભળવામાં પણ ન આવે. સ્પર્શનું જ્ઞાન પણ નહિ. સાપ શરીર ઉપર થઈને ચાલ્યો જાય, તોય ખબર ન રહે. ગાઢ ધ્યાનમાં બધી ઇંદ્રિયોના કામ બંધ થઈ જાય. ઇંદ્રિયોના પાંચ વિષયો-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ બધાય બહાર પડી રહે.

ધ્યાન વખતે પ્રથમ ઇંદ્રિયોના વિષયો બધા સામે આવે. ધ્યાન કરતાં કરતાં મને કેટલાંક દર્શનો થતાં. મેં પ્રત્યક્ષ જોયું કે સામે

સોનામહોરનો ચરુ, શાલ, થાળ ભરીને મીઠાઈ, બે સુંદર સ્ત્રીઓ, તેમના નાકમાં મોટી નથ વગેરે. મેં મારા મનને પૂછ્યું કે મન ! આમાંથી તું શું ઈચ્છે છે ? મન બોલ્યું, 'ના, આમાંથી કોઈ ભોગ ભોગવવાની ઈચ્છા નથી. **ઈશ્વરનાં ચરણકમળ સિવાય બીજું કંઈ ન જોઈએ.'** જેમ કાચના ઓરડામાંહેની બધી ચીજો બહારથી જોઈ શકાય તેમ સ્ત્રીઓની અંદર બહાર બધું જોઈ શક્યો. તેમની અંદર જોયું તો માંસ, આંતરડાં, રક્ત, કૃમિ, કફ, પેશાબ એ બધું જોયું.

સાધના વખતે ધ્યાન કરતાં કરતાં આ બધા ઉપરાંત પણ બીજું કેટલુંય જોતો. પણ તે તો બોલાતું નથી. જાણે કે કોઈક મોઢું બંધ કરી રાખે છે.

'શ્રીરામકૃષ્ણ કથામૃત', ભાગ-૩માંથી સાભાર ❑

**ગયેલા આત્માને....**

**(૧)**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન હેમકુમાર અંબાલાલ મિસ્ત્રીનો ૯૩ વર્ષની વયે તા.૧૭-૧૨-૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે દેહાંત થયો છે. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગમાં ઉચ્ચ હોદ્દા પરથી આઈ.એ.એસ.ના હોદ્દા ઉપર પસંદગી પામતાં તેઓશ્રીએ રાજ્યના ગોધરા, ખેડા, સાબરકાંઠા વગેરે જુદા જુદા જિલ્લાઓમાં કલેક્ટર તરીકે સેવાઓ આપી હતી. તેઓશ્રીએ મૌનઅનુષ્ઠાન કરેલાં તેમાં પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મ પ્રકારે જીવાત્માને ઊર્ધ્વમુખી બનાવવાની પ્રક્રિયાનો તેમણે અનુભવ કર્યો હતો. બહાર ચંદ્રમાની શીતળતા અર્પતાં શ્રીમોટા મૌનમંદિરમાં પ્રખર સૂર્ય સ્વરૂપે જીવાત્માના કષાયો સ્વરૂપ કાદવને સૂકવી નાંખે છે એવો એમનો સ્વાનુભવ વ્યક્ત થયેલો છે.**

**(૨)**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન નડિયાદ નિવાસી (વતન : માણસા) મજૂર મહાજનમાં દીર્ઘકાળ સુધી સેવાઓ આપનાર અને જીવનવિકાસના પ્રયાસમાં પૂજ્ય શ્રીમોટાની સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારની સેવાઓ પ્રાપ્ત કરવામાં ભાગ્યશાળી હતા, તેવા સાધક શ્રી મંગળદાસ શિવરામદાસ પટેલ (ભગત)નો તા.૬-૧-૨૦૧૯ના રોજ નડિયાદ ખાતે દેહાંત થયો છે.**

**પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના જીવનના પ્રસંગોનું આલેખન 'હસતું મૌન'ના નામથી પ્રકાશિત થયું છે. જેમાંથી કેટલાક ખાસ પ્રસંગોનું સંકલનનું પ્રકાશન હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા કરાયું છે. જે ઉલ્લેખનીય છે.**

**ઉપરોક્ત બન્ને બડભાગી ગતાત્માઓનું શ્રીહરિ સર્વ પ્રકારનું કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**

# (૧૧) શિષ્યને માર્ગદર્શન

શ્રીઅરવિંદ

**પ્રશ્ન :** શાંત મન અને શાંત પ્રાણ એટલે શું ?

**ઉત્તર :** શાંત મન એટલે એવું મન જે બધી જાતના વિચારોથી અશાંત થયેલું ન હોય. શાંત પ્રાણ એટલે એવો પ્રાણ જે સર્વ પ્રકારની કામનાઓથી તથા આવેગોથી ક્ષુબ્ધ થયેલ ન હોય.

**પ્રશ્ન :** યોગમાં શાંતિ, એ સૌથી મહત્ત્વની વસ્તુ છે. વ્યક્તિ એ શાંતિ ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?

**ઉત્તર :** એ (શાંતિ) ત્યાં તમારી ઉપર આવી રહેલી છે. એ શાંતિ તમારી અંદર અવતરીત થાય એ માટે તમારે અભીપ્સા સેવવી જોઈએ.

**પ્રશ્ન :** હરેક પ્રકારની ક્રિયાઓ કરતી વખતે પણ વ્યક્તિ અંતરમાં શાંત કેવી રીતે રહી શકે ?

**ઉત્તર :** અંતરમાં શાંત અને સ્વસ્થ એવી અલગ ચેતના-મનોમય, પ્રાણમય અને શારીરિક ક્રિયાઓથી અલગ એવી ચેતના-પ્રસ્થાપિત કરીને.

**પ્રશ્ન :** નીરવતા એટલે શું ?

**ઉત્તર :** નીરવતા એટલે વિચારો તથા પ્રાણની ક્રિયાઓથી મુક્તિ-સમગ્ર ચેતના જ્યારે શાંત અને સ્થિર થઈ ગયેલી હોય.

**પ્રશ્ન :** શાંત અવસ્થામાં વ્યક્તિએ મનને શૂન્ય રાખવું જોઈએ કે અભીપ્સા સેવતું ?

**ઉત્તર :** હંમેશાં અભીપ્સા કરતા રહો.

**પ્રશ્ન :** કઈ રીતની અભીપ્સા સેવવી જોઈએ ?

**ઉત્તર :** સત્ ચેતનાના વિકાસ માટેની અભીપ્સા.

**પ્રશ્ન :** વાંચન કરતી વખતે તેમ જ કાર્ય કરતી વખતે શાંતિ જાળવવાનું થોડું મુશ્કેલ પડે છે. મારે શું કરવું જોઈએ ?

**ઉત્તર :** એ જ વસ્તુ-જે કંઈ કરો તે શાંત મન વડે કરો, તમે જે કંઈ કરો તેમાં તમારી જાતને નાંખી દેશો નહિ, પરંતુ જે થઈ રહ્યું હોય અને જે કરવામાં આવી રહ્યું હોય તેનું શાંતિપૂર્વક નિરીક્ષણ કરો.

**પ્રશ્ન :** શારીરિક રીતે કાર્યરત હોઈએ ત્યારે શાંતિ જાળવી રાખવાનું શક્ય છે ? એવી શાંતિ જે યંત્રવત્ આવતા વિચારોથી ચલિત ન થાય ?

**ઉત્તર :** શાંતિમાં ખલેલ પહોંચાડ્યા વગર વિચારો પસાર થઈ જતા રહે એ બિલકુલ શક્ય છે, પરંતુ એને માટે તમારે વિચારોથી સંપૂર્ણપણે અલગ થઈ જવું જોઈએ અને એના પ્રત્યે ઉદાસીન બની જવું જોઈએ.

**પ્રશ્ન :** આપણે સામાન્યતઃ પૂર્ણ નીરવતા, સ્વસ્થતા, શાંતિ વગેરેની વાત કરતાં હોઈએ છીએ. કૃપા કરી આપ આ વસ્તુઓ વિશે કંઈ જણાવશો, જેથી કરીને એમની વચ્ચેનો વાસ્તવિક ભેદ શું છે તે અમે સમજી શકીએ ?

**ઉત્તર :** સ્વસ્થતા એ બળવાન અને ચોક્કસ પ્રકારની શાંતિ છે, નિશ્ચલ અને સઘન-સામાન્ય પ્રકારની શાંતિ એ માત્ર અભાવાત્મક શાંતિ હોય છે, જેમાં ખલેલનો અભાવ હોય છે. શાંતિ એ અગાધ નીરવતા છે, જેમાં કોઈ ખલેલ કે અશાંતિ પહોંચી શકે જ નહિ-એવી નીરવતા જેમાં સલામતી અને મુક્તિની ભાવના દૃઢ થયેલી હોય.

પૂર્ણ નીરવતામાં કાં વિચારો હોતા જ નથી અને જો વિચારો આવે તો એને બહારથી આવતી કોઈ વસ્તુ તરીકે ગણવામાં આવે છે અને એ પછી નીરવતામાં ખલેલરૂપ બનતા નથી.

મનની નીરવતા, શાંતિ અથવા મનની સ્વસ્થતા આ ત્રણે લગભગ સમાન જ છે અને એક વસ્તુ બીજાને લાવી આપે છે.

**પ્રશ્ન :** સ્થિરતાનો અર્થ ખલેલમાંથી મુક્તિ, એમ જ થતો હોય તો પછી સામાન્ય માણસો પણ એને પ્રાપ્ત કરી શકે ?

**ઉત્તર :** સ્થિરતા એ સામાન્ય માણસોની હંમેશની અવસ્થા બની રહી હોત તો જગત અત્યારે જે છે એનાથી તદ્દન જુદું જ બની રહ્યું હોત !

**પ્રશ્ન :** નીરવતા તથા આત્મસાક્ષાત્કારની મારી અનુભૂતિ સ્થિર પ્રકારની છે, એટલે કે ધ્યાનમાં જ મને એ પ્રાપ્ત થાય છે. હું જેવો કાર્યમાં મારી જાતને વ્યસ્ત કરી દઉં છું કે તરત જ એ અનુભૂતિ અદૃશ્ય થઈ જાય છે.

**ઉત્તર :** પ્રથમ તો ધ્યાનમાં જ એ અનુભૂતિને પ્રાપ્ત કરતાં શીખી લો-કાર્ય કરતી વખતની વાત આપણે પછીથી જોઈશું. નીરવતા તથા આત્મ-સાક્ષાત્કારની અવસ્થા સિદ્ધ થઈ જાય પછી કાર્ય કરતી વખતે પણ એ ટકી રહે છે.

**પ્રશ્ન :** પોતાના સ્વરૂપમાં અશાંતિ હોય તેવે સમયે પણ શાંતિનો અનુભવ થઈ શકે ?

**ઉત્તર :** અલબત્ત, સપાટી ઉપરની ચેતનામાં અશાંતિ હોય ત્યારે આંતરસ્વરૂપમાં દૃઢ થયેલી શાંતિનો અનુભવ થવો એ એકદમ સામાન્ય વસ્તુ છે. હકીકતમાં યોગી પોતાના સમગ્ર સ્વરૂપમાં પૂર્ણ સમતા પ્રાપ્ત કરી લે તે અગાઉ યોગીની સામાન્ય અવસ્થા આ પ્રકારની જ હોય છે.

❑

'અર્પણ', ડિસેમ્બર, ૧૯૯૯ પ્રશ્નકર્તા-શ્રી નગીન દોશી

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કૈલાસબહેન ટી. પંડ્યા | બોરસદ | ૬,૦૦૦/- |
| ૨. | હર્ષદભાઈ દવે : સદ્‌ગત પિતાશ્રી નગીનદાસ એસ. દવેના સ્મરણાર્થે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | પ્રદ્યુમ્ન જોશી | સુરત | ૨,૫૦૦/- |
| ૪. | એક સ્વજન : ધર્મપત્ની ૭૫મી જન્મજયંતી નિમિત્તે | મુંબઈ | ૨,૦૦૦/- |
| ૫. | જયંતીભાઈ ડી. જાની : સુરત ખાતેના જપયજ્ઞને સત્તર વર્ષ થયાં નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૬. | કિરીટકુમાર એન. સરૈયા : ૭૭મા જન્મદિન તા. ૨૮-૧ નિમિત્તે | મણિનગર | ૧,૦૦૦/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | બાબુભાઈ બોડાવાલા : જન્મદિન તા.૩/૧ નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૯. | કાંતિભાઈ પી. પટેલ : સદ્‌ગત ધર્મપત્ની કલાબહેનની પ્રથમ પુણ્યતિથિ તા. ૨-૧ નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૦. | શાલ્મી ભરત ઠાકોર | નરોડા | ૧૧૧/- |
| ૧૧. | જય આર. પટેલ | સુરત | ૧૦૧/- |
| ૧૨. | દર્શનાબહેન પટેલ | સુરત | ૧૦૧/- |
| ૧૩. | સોમીબહેન પરભુભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૧૨) મહાસતી શ્રીગોદાવરી માતાજી : (૨)

અનુ. જ્યોત્સ્નાબહેન વૈદ્ય

*(ગતાંકથી આગળ)*

વિષપાન બાદ તબિયત સુધારા માટે અને આરામ માટે શ્રીઉપાસની બાબા નાસિકમાં એક બંગલામાં રહ્યા હતા. યોગાનુયોગ એ બંગલાનું નામ 'ગોદાવરી' હતું. ગોદાવરી શ્રીબાબાની સેવામાં ખડેપગે હતાં.

એક દિવસ ગોદાવરી રસોડાના કામમાં હતાં, ત્યાં કોઈકે આવીને કહ્યું કે શ્રીબાબા તમને બોલાવે છે. બે વર્ષ ઉપર લગ્ન પછી શ્રી વિષ્ણુ પંત તુરત જ મુંબઈ નોકરીની શોધમાં ગયા હતા અને ગોદાવરી શ્રીબાબાની સેવામાં સાકુરી સ્થાનમાં રોકાયાં હતાં. આજે એકાએક શ્રી વિષ્ણુ પંત શ્રીબાબા સમક્ષ ઉપસ્થિત થયા હતા. શ્રીબાબા સાથે તેમનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો. ગોદાવરી ત્યાં જઈ એક બાજુ ખૂણામાં નીચી નજર રાખી વિવેકથી ઊભાં રહ્યાં. ગોદાવરીને વિષ્ણુપંતે કહ્યું કે 'મારાથી હવે સંસારી જીવન જીવી શકાય તેમ નથી. વળી, તમને પણ શ્રીસદ્‌ગુરુની સેવામાં રહેવાનું ગમે છે. એટલે આપને શ્રીબાબાનાં ચરણોમાં અર્પણ કરી મારો વિચાર જપતપ કરવાનો છે. શ્રીગુરુની આજ્ઞા અનુસાર શ્રી ત્ર્યંબકેશ્વરને તમારું દાન કરવાનું મેં નક્કી કર્યું છે. જેથી આ બધાં ઉપસ્થિત સૌની હાજરીમાં તમે મને સ્પષ્ટ કહી દો કે તેમાં તમારી સંમતિ છે કે નહિ ?'

બાર વર્ષની તે છોકરીએ પાંપણો સહેજ ઊંચી કરી સ્થિર નજરથી જોઈ દૃઢ શબ્દોમાં જવાબ આપ્યો—'મારી સંમતિ છે' શ્રીબાબાએ આ સાંભળ્યું ત્યારે તેમનું હૃદય ભરાઈ આવ્યું.

વિષ્ણુપંતે ગોદાવરી પાસેથી મણિ-મંગળસૂત્ર, કંકણ, કંકુ એવાં સૌભાગ્યનાં બધાં ચિહ્નો માગી લીધાં. એ બધું મંત્રોચ્ચાર સાથે શ્રી ત્ર્યંબકેશ્વરને સમર્પણ કર્યાનો સંકલ્પ કર્યો. બીજી જ ક્ષણે ગોદાવરીને 'આઈ' (માતાજી) એવું સંબોધન કરી વિષ્ણુપંતે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ! શ્રીબાબાનું મન ભરાઈ આવ્યું અને એમનાથી ગોદાવરી મહાસતીનું સ્તુતિગાન રચાઈ ગયું.

આ પછી ગોદાવરીને તાવ આવ્યો. તેમાંથી ન્યુમોનિયા થયો. આખા દિવસમાં બે ચમચી પાણી પણ પેટમાં જતું ન હતું. બધાં ચિંતામાં હતાં. કોઈકે શ્રીબાલાજી ભગવાનની માનતા માનવાનું કહ્યું ત્યારે શ્રીબાબાએ જવાબ આપ્યો કે 'એને કશું જ થવાનું નથી એને આ જગ્યા ઉપર એકદમ પાકી ઠોકીને બેસાડી દીધી છે.'

તે પછી ગોદાવરી ધીમે ધીમે સાજાં થયાં. એમને શ્રીત્ર્યંબકેશ્વરનાં દર્શને લઈ જવાયાં. તપસ્વિની સ્વરૂપે ગોદાવરીને જોઈને પૂજારીને કંઈક ભાવના થઈ. શ્રી ત્ર્યંબકેશ્વરના જ્યોતિર્લિંગ ઉપરની રુદ્રાક્ષની માળા લઈ ગોદાવરી સામે ધરતાં પૂજારીએ કહ્યું, 'આ શ્રીત્ર્યંબકેશ્વરનો પ્રસાદ !' ગોદાવરીના ચહેરા ઉપર આનંદ રેલાયો. બીજી જ ક્ષણે મસ્તકને લગાડીને રુદ્રાક્ષની માળા એમણે કંઠે ધારણ કરી લીધી.

આ પછી ગોદાવરીએ શરીર ઉપર કોઈ અલંકાર ધારણ કર્યા ન હતાં. આ બાબતમાં

કેટલીક સ્ત્રીઓએ શ્રીબાબા સમક્ષ રજૂઆત કરી. જવાબમાં શ્રીબાબાએ એટલું જ કહ્યું કે 'તે બ્રહ્મચારિણી કન્યાકુમારી છે. તે શ્રીત્ર્યંબકેશ્વરની સતી પાર્વતી થઈને રહે કે સુવર્ણ ગૌરીના રૂપમાં રહે કે લંકાની પાર્વતી થઈને ફરે તે તેની મરજીનો પ્રશ્ન છે.'

તારાબાઈ બનાતવાલા નામનાં એક શ્રીમંત ઉંમરલાયક ભક્તસ્ત્રીએ ગોદાવરીને બળજબરીથી પોતાના દાગીનામાંથી ઘણા અને કીમતી દાગીના પહેરાવી દીધા. બીજે દિવસે ગોદાવરીએ કપાળમાં કુમકુમ, હાથભર કાચની બંગડી અને કાનમાં સોનાનાં ફૂલ અને ગળામાં નાનીશી કંઠી એટલા માત્ર નામના અલંકાર રહેવા દીધા.

શ્રીબાબા એક દિવસ કહે, 'ગોદે, તને કાલથી ઝૂંપડીમાંથી જમવાનું મળવાનું નથી. ચાર ઘેરથી સૂકી ભિક્ષા માગી, સીધુ ભેગું કર અને જાતે રાંધીને ખાતી જા અને જો, ભિક્ષામાં તીખું, ખારું એવા જીભને સ્વાદ લગાડનાર પદાર્થ લેવાના નહિ. ફક્ત લોટ અને અનાજ જ લેવાના.' વધારે સ્પષ્ટતા કરતાં શ્રીબાબાએ બીજાઓને સમજાવ્યું કે ભિક્ષા માગવાથી મનુષ્યનું અભિમાન ગળી જાય છે. માણસ અતિશય લીન અને નમ્ર બને છે. 'જસે અસેલ તસે'-જેવું હોય તેવું એવા જીવનમંત્રનો અભ્યાસ થાય છે, રસને જિતાય છે. અન્નબ્રહ્મનું ખરું પ્રયોજન અને કિંમત સમજાય છે.

શ્રીગુરુઆજ્ઞાના વર્તુળ વચ્ચે રહીને ગોદાવરી મધ્યાહ્નને મિશ્ર લોટની ભાખરી અને મિશ્ર અનાજની ખીચડી કરી શ્રીબાબાને નૈવેદ્ય ધરાવી પોતે પ્રસાદ લેતાં. રસોઈમાં જીભના સ્વાદના પદાર્થ વર્જ્ય હતા. ઘી અને તેલનો ઉપયોગ પણ કરતાં નહિ. ગોદાવરી ધીમે ધીમે ટેવાઈ ગયાં. તેમને ખ્યાલ આવ્યો કે સુખ આપણામાં જ હોય છે. બાહ્ય વસ્તુના સ્પર્શથી તે જાગ્રત થાય છે. ખરું સુખ અંતર્મુખ થવાથી જ મળે છે.

આ પછી શ્રીબાબાએ બીજો પાઠ રસનાના સંયમનો-સાધનાનો આપ્યો. મિતાક્ષરી ગોદાવરી નિરક્ષર થઈ ગયાં. મૌન પાળવાથી કામ વધારે થતું અને ઘોંઘાટ ઓછો થતો ખરું મૌન એટલે પંચમહાભૂતાત્મક સૃષ્ટિની સાથે ઇંદ્રિયોની બોલી ના બોલવી. ઉપરાંત, પ્રપંચ તરફનું પણ મૌન.

આ આકરી સાધના સમયે ગોદાવરી નવયૌવનના આરા ઉપર ઊભેલાં હતાં. આ ઉંમરે દશે દિશાઓથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રાની મહેક ખીલતી હોય છે, પણ ગોદાવરીનું પરિમલ સંતૃપ્ત વિરાગથી સૌમ્યપણે ખીલ્યું.

આ પ્રમાણે ચાર વર્ષ વીતી ગયાં તે પછી શ્રીગુરુઆજ્ઞા થઈ કે 'હવે ભિક્ષાટન અને મૌન એ બન્ને વાત છોડવી.' ગોદાવરી પુનઃ બોલવાં-હસવાં લાગ્યાં. ગુરુદેવ સંતુષ્ટ હતા.

શ્રીબાબા કહેતા કે આપણે માંદા પડીએ એટલે ડૉક્ટર જમવાની ના પાડે અને કડવું ઔષધ આપે. પછી સારા થઈએ એટલે કડવું ઔષધ બંધ થાય એ જમવાનું શરૂ થાય છે. એ પ્રમાણે જ્યારે આત્મા દેહધારી થાય ત્યારે સત્ત્વ રજ તમના સ્પર્શથી અશુદ્ધ થાય છે. તેને શુદ્ધ કરનાર શ્રીસદ્‌ગુરુ આપણા જીવાત્માના ડૉક્ટર છે. (ક્રમશઃ)

'મહાસતી શ્રીગોદાવરી માતાજી', પ્ર.આ.માંથી સાભાર ❑



.... ભક્તિપૂર્વકની કરેલી એક વિશુદ્ધ આત્માની અંગત વ્યક્તિગત સેવા માનવ સ્વભાવની અશુદ્ધિઓ જેટલી સહેલાઈથી દૂર કરે છે, તેટલી સહેલાઈથી બીજા કોઈ પણ ઉપાયે તે દૂર થતી નથી.

- શ્રીમોટા

'જીવન પ્રેરણા', ત્રી. આ., પૃ. ૨૮

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020

# વૃત્તિથી વધતું કે ઘટતું પ્રારબ્ધ



આ જીવનમાં જે જે સંબંધ લોહીના કે સગપણના થયેલા છે, તે કર્મપ્રારબ્ધના અંગે કરીને છે. કેટલાક સંબંધો ગયા જન્મોની અસરને લીધે બહુ જ ઓછા પ્રમાણમાં મળતા હોય છે. પરંતુ આપણી વૃત્તિઓને લીધે પછીથી ઘણા વધારી મૂકીએ છીએ.

એટલે જે સંબંધ નૈસર્ગિકપણે મળેલો હોય તે સંબંધને આપણે જો નકારીએ કે તેના યોગ્યપણામાં ન વર્તીએ તો તે કર્મપ્રારબ્ધ કંઈ ફીટી શકવાના નથી. પણ તેમાં ઊલટું જોશ અથવા તો બીજી જાતની વિરુદ્ધની લાગણીઓ ઉમેરાઈને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તે કર્મપ્રારબ્ધ એક યા બીજા રૂપે આપણા જીવનમાં ઊભું રહેવાનું જ છે.

આપણે પ્રત્યેક સંબંધમાં ભગવાનના ભાવની ધારણા રાખ્યાં કરીશું તો જીવનમાં જરૂર રસ પડશે જ.

- શ્રીમોટા

*'શ્રીમોટા-પત્રાવલિ-૧', પ્ર. આ., પૃ. ૨૫-૨૬*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com